
અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

# અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

-કુમારપાળ દેસાઈ



# અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

ડૉ. કુમારપાળ દેસાઈ

પ્રકાશક : શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળા, ગાંધીચોક, ભાવનગર

કિંમત : દસ રૂપિયા, પ્રથમ આવૃત્તિ, જુલાઈ ૧૯૮૨

મુદ્રક : સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ, રાજાજીની પોળ, શાહપુર, અમદાવાદ

# આમુખ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિપુલ સમૃદ્ધિ જુદા જુદા ગ્રંથભંડારોમાં હસ્તપ્રતરૂપે જોવા મળે છે. આવી હસ્તપ્રતોમાંથી કેટલાંક કાવ્યો તારવીને અહીં પ્રગટ કર્યાં છે. આ કૃતિઓમાં પ્રભુ-ભક્તિ અને પિયુમિલનની આરત જોવા મળે છે. કેટલાંક કાવ્યોમાં બોધ છે, તો 'ભીલી ગીત' જેવાં કાવ્યોમાં પ્રસંગનું આલેખન છે. નિશાળમાં કક્કો કઈ રીતે શીખવવામાં આવતો તેનો ખ્યાલ 'ભલે મોટી' પરથી આવે છે, જ્યારે 'અણખીયા' એ લોકસાહિત્યનું એક સ્વરૂપ રજૂ કરે છે.

આવી વૈવિધ્યપૂર્ણ કૃતિઓ અહીં રજૂ કરી છે. ભાષાનું એ સમયનું રૂપ જાળવ્યું હોવાથી ક્યાંક અશુદ્ધિ કે અર્થની અસંગતતા પણ જોવા મળે છે, આમ છતાં આમાંની કેટલીક કૃતિઓ તો ગુજરાતી કવિતા-સાહિત્યમાં સ્થાન મેળવે તેવી છે.

આ પુસ્તકના પ્રકાશનમાં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની આર્થિક સહાયનું કૃતજ્ઞતાથી સ્મરણ કરું છું. આશા છે કે આ સંપાદન જિજ્ઞાસુઓને ઉપયોગી બનશે.

ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૭

કુમારપાળ દેસાઈ

● અનુક્રમ અનુક્રમ અનુક્રમ અનુક્રમ અનુક્રમ અનુક્રમ અનુક્રમ અનુક્રમ


| | |
|---|---|
| એક | નવરંગ |
| ત્રણ | આર્દ્રકુમાર વીવાહલુ |
| પાંચ | વિરહ દેસાઉરી ફાગુ |
| અગિયાર | પંચ સહેલી |
| સત્તર | ધર્મ્માધર્મ્મ વિચાર ચઉપઈ |
| ઓગણીસ | થૂલિભદ્ર ચઉપઈ |
| એકવીસ | બારવ્રત ચઉપઈ |
| ચોવીસ | સુભદ્રા ચઉપઈ |
| અઠ્ઠાવીસ | જંબૂસ્વામિ હેલિ |
| ત્રીસ | ભલે મોટી |
| તેત્રીસ | જંબૂસ્વામિ વેલિ |
| છત્રીસ | નેમિનાથ વીનતી |
| આડત્રીસ | આદિનાથ વીનતી |
| ઓગણચાલીસ | શત્રુંજય સંઘપતિ સંખ્યા ધવલ |
| એકતાલીસ | થૂલિભદ્ર ફાગુ |
| પિસ્તાળીસ | મહાવીર છાહુલી |
| છેંતાલીસ | જીરાઉલિ છાહુલી |
| સુડતાલીસ | ફલવધી છાહુલી |
| અડતાલીસ | ભામાસાહ બાવની |
| એકસઠ | સાત સુખ : સાત દુઃખ |
| બાસઠ | ભીલી ગીત |
| છાસઠ | અણખીયાં |
| ઓગણોતેર | મિતાક્ષરી |

## અર્પણ

સ્નેહ અને સૌજન્યની મૂર્તિસમા

**શ્રી રમણલાલ ચી. શાહ**
**શ્રીમતી તારાબેન શાહને**

સાદર–સપ્રેમ

# અભિપ્રાય

## આનંદઘન : એક અધ્યયન

શ્રી કુમારપાળ દેસાઈના આ પુસ્તક દ્વારા સંશોધનનું કામ કેટલું કપરું છે અને કેટલી બધી ખંત સાથેની મહેનત માગે છે તે સહુ કોઈ સ્પષ્ટ કળી શકે એમ છે. લેખકનો સંશોધનપ્રેમ, વગર કંટાળે સંશોધનની પ્રવૃત્તિ અને જેટલી સામગ્રી સંશોધનની પોષક દેખાય તે બધી સામગ્રી આપવાની ખંત – એ તમામ માટે 'આનંદઘન : એક અધ્યયન' એ પુસ્તક પ્રત્યક્ષ પુરાવારૂપ છે.

જેઓ શ્રી આનંદઘનજી વિશે અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેમને માટે આ પુસ્તકમાં ભરપૂર માહિતી આપેલ છે. સમગ્ર પુસ્તક વાંચતાં મન ઉપર એવી છાપ પડે છે કે લેખકની સંશોધનશક્તિ ઘણી ઊંડાણ સુધી પહોંચેલ છે.

**– પં. બેચરદાસ દોશી**

## શ્રી જ્ઞાનવિમલસૂરિ-કૃત સ્તબક

પ્રાચીન ગુજરાતીના સંશોધનક્ષેત્રે વિરલ વ્યક્તિઓ જ જ્યારે કામ કરે છે ત્યારે શ્રી કુમારપાળ જેવા આ ક્ષેત્રમાં પણ પોતાની શક્તિ અજમાવવા તૈયાર થયા છે તે મારે મન એ ક્ષેત્રમાં રસ લેનાર માટે પ્રેરક બને એવું છે. આનંદઘનનાં સ્તવનોના જ્ઞાનવિમલસૂરિએ રચેલા સ્તબક માટે જે અને જેટલા પરિશ્રમની આવશ્યકતા હતી તે તેમણે આમાં કર્યો છે અને તેમાં સફળ પણ થયા છે.

**– શ્રી દલસુખભાઈ માલવણિયા**

## શબ્દસંનિધિ

કોઈ આખો લેખક હોય, લેખકની એક દીર્ઘ કૃતિ હોય અથવા એક નાની કવિતા કે ટૂંકી વાર્તા, કુમારપાળ ઔચિત્યપૂર્વક આસ્વાદ કરાવી શકે છે. સૈદ્ધાંતિક ચર્ચામાં પણ તેઓ ઊતરી શકે છે. તથ્ય-મૂલક સંશોધકની વૃત્તિ પણ જોવા મળે છે. લેખકની શૈલી સર્વત્ર સુખપાઠ્ય રહી છે, એ આનંદની વાત છે.

શ્રી કુમારપાળની વ્યાપક રુચિ તેમને સાહિત્યસમીક્ષાના તુલનાત્મક અભિગમ ભણી લઈ જાય છે. કબીર, મીરાં અને અખાના સંદર્ભમાં આપણા એક અલ્પ-વિવેચિત પણ અતિ સમૃદ્ધ કવિ આનંદઘનની કવિતાની વાત કે ગોવર્ધનરામ અને મુનશીનાં સ્ત્રીપાત્રોની તુલના કુમારપાળમાં રહેલા તુલનાત્મક સમીક્ષકની સંભાવનાની દ્યોતક છે.

સમગ્રપણે સંગ્રહના લેખો શ્રી કુમારપાળ શબ્દની સન્નિધિમાં હોવાના પ્રત્યયરૂપ છે.

**– શ્રી ભોળાભાઈ પટેલ**

■ કેટલીક અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

## લેખકની કૃતિઓ

■ **નવલિકાસંગ્રહ**
એકાન્તે કોલાહલ

■ **વિવેચન**
શબ્દસંનિધિ

■ **સંશોધન**
આનંદઘન : એક અધ્યયન
શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક
અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

■ **સંપાદન**
સાહિત્ય અને પત્રકારત્વ
કવિ દુલા કાગ સ્મૃતિગ્રંથ
જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ
શબ્દશ્રી

■ **ચરિત્ર**
અપંગનાં ઓજસ
મહામાનવ શાસ્ત્રી
બાળકોના બુદ્ધિસાગરસૂરિજી
વીર રામમૂર્તિ
લાલ ગુલાબ

■ **પત્રકારત્વ**
અખબારી લેખન

■ **પ્રૌઢ સાહિત્ય**
બિરાદરી
મોતીની માળા
કેડે કટારી, ખભે ઢાલ

■ **બાલ-સાહિત્ય**
વતન, તારાં રતન
ડાહ્યો ડમરો
હૈયું નાનું, હિંમત મોટી
મોતને હાથતાળી
નાની ઉંમર, મોટું કામ
ઝબક દીવડી
પરાક્રમી રામ
રામ-વનવાસ
સીતાહરણ
વીર હનુમાન
ભીમસેન
સી. કે. નાયડુ
ચાલો, પશુઓની દુનિયામાં
ભા. ૧, ૨, ૩

■ **પ્રકાશ્ય**
માટીએ ઘડ્યા માનવી
ઈંટ અને ઇમારત

# ૧

## નવરંગ

ફાગુણિ ફલીય બીજુરડી તુ ભ૦ પહુતુ માસ વસંત,
વનિ વનિ તરુઅર ફૂલીયા તુ, પરિમલ પુહવિ અનંત તુ. ૧

મિલીય સ તે વડતી વડી તુ ભ૦, સરોવર કીરી પાલિ તુ;
મધુરઇ સાદ્દિ પાપિણી તુ ભ૦, વાસઇ કોઇલિ કાલિ તુ. ૨

પાડલ પરિમલ પસરિઉ તુ ભ૦, ભમરલા રમઇ વસંત તુ;
વુલસિરી વન સિઅલં તુ ભ૦, કેસૂઅ કુસુમ અનંત. ૩

કરણી કારણિ ભમરલુ તુ ભ૦, ભમઇ સુ માઝિમ રાતિ;
કાચી કલી ન વિ ઊગરઇ તુ ભ૦, ભોગવઇ નવ નવી ભાતિ. ૪

ચાંપાંકુલી અતિ કુંઅલી તુ ભ૦, પરિમલ રહણુ ન જાઇ તુ,
બાલઇ ચૂવનિ પ્રી ગયુ તુ ભ૦, મનિ દુઃખ હીયઇ ન માઇ તુ. ૫

પહિરણિ ચીર પટુલડી તુ ભ૦, પાહિરણિ જાદર ચીર તુ;
ભરય ભરા ભરિ કાંચૂ તુ ભ૦, ગલિ એકાવલિ હાર. ૬

સહિજિ સ કોમલ ચાલતી તુ ભ૦, ને ઉર રમ ઝમકાર,
જિસિ ફૂપલ પાંપડી તુ ભ૦, આંષડી કાજલ રેષ તુ. ૭

બાલાપણનુ નેહડઉ તુ ભ૦, વાલંભ કાંઇ ઊવેખતુ;
કોમલ હોઠે અમી ઝરઇ તુ ભ૦, દાડિમ ફૂલા દાંત તુ;
નયણિ ન દેષઉં નાહલુ તુ, મરું અસલૂણા કંત. ૯

સિરવરિ સોહઇ રાષડી તુ, સઇંથઇ ઘાલિ સીંદૂરિ તુ;
આછી ઊગટિ જે કરરં તુ ભ૦, બીડી માહિ કપૂર તુ. ૧૦
મચકોડઇ મન મોહીઉં તુ ભ૦, લહિકઓ લાષિમ માગિ;
ચતુર સ નાગર ગોરડી તુ ભ૦, ગૂજર કેરીય નારિ તુ. ૧૧
તરુઅર ડાલિ હીંડોલુઇ તુ ભ૦, ગિરિ કુંદર વન માહિ તુ;
પાલિહિ માહિ પહુત લી તુ ભ૦, ઝીલઇં સરોવર માહિ તુ. ૧૨
ભીંનુ ગોરી ગલિ કાંચૂઉ તુ ભ૦, ભીનુ નવસર હાર તુ;
ભીની કાજલ રેષડી તુ ભ૦, ભીનુ કુસુમહ ભાર તુ. ૧૩
સીંગુ જલિ ભરિ પાંણીઅ તુ ભ૦, છંટઇ માહોમાહિ તુ;
વૃંદાવનિ ગોરી રમઇ તુ ભ૦, મં સહૂઇ પાડીઉં મોહિ તુ. ૧૪

॥ નવરંગ સમાપ્ત ॥

# ૨

## આર્દ્રકુમાર વીવાહલુ

માઇએ નયરહ સીહરૂ આરિ પાંચ કન્યા રામતિ રમઇએ,
ચિહુ પુણ વરીયલા ચ્યારણુ થંભ, વરુ ન વિ પામએ પાંચમી. ૧
વાવિ ચઉખંડીય ચ્યારિ એ થંભ, ચિહુ કુમરી ચ્યારઇ વરીયાએ;
રૂપિ નિરૂપમ જઇસીય રંભ, ધણદત્ત ધૂય તે હે બીજવીએ. ૨

ઘાત

ષીજવી ધણદત્ત ધૂય, બોલિયા બોલ બહૂય;
અમ્હિ થંભ વરિયા તોઇ, તૂં વરુ અનેરઉ જોઇ જોઇ. ૩
સહીઅએ હોઇ કાંઇ આગઇ રહી, ઊભી પીઆરારી પ્રીય,
જોઅતી બહિનિ મનિ લાજઇ નહીં, રામતિ કીય હૂઉ ઝગડઉ
નયણિ જલિ ઝંષોલિયા.
સવિ સખી મેલ્હી વાવિ પાષલિ ભમઇં ભંમર ભોલિયા,
ભંભરભોલીય નયણ વિસાલ, વરુ જોયઇ ધણ એકલીએ,
વાવિ પાષલિ પરિભમઇ સા બાલ મુનિ લાધઉ કાસગિ રહિઉ એ,
લગન વેલાં ગોધૂલિક વાર જાણિઉં થંભઉ પાંચમઉએ,
કાસગિ રહીઉ આદ્રકુમાર, વરુ વરીઉ અણજાણતીએ,
વરુ વરીઉ અબુહિ આયાણિ, તિ વાત ચડીઉ પ્રમાણિ જાણીઉ
એહુજ થંભુ.
શૃંગાર પ્રથમા રંભુ પેખવિ લઇ મનિ ગહગહી,
ષીજવી હૂંતી જેહી પલી તે સવિ વેલાવઇ સહી,

સાંભલઉ બાઈ એ વાત સાચી, માહરઇ ક્રમિ આણીઉ,
હઉં નહી મેલ્હઉં ન મેલ્હઉં નરુ જાણીઉ નરુ જાણીઉ,
તઓ ભણિયઉં તીણિ સહીય સમાણિય સાંભલઉ એ,
અપણુ પઇ તે સવિ સુકુલીણિ, વરુ વરીઉ નવિ મેલ્હીઇ એ,
જય જય જંપઇ સાસણદેવિ, અહિવ હોઇ જે વાછિતૃં એ,
સુરવર વુટ્ઠિ કરઇં તિણુ ષેવિ, કંચણુ સાર ઘ બાર કોડિ,
માઇ તાઇ સઉ પુહતઓ રાઉ, નયર લોક સહૂ બૂઝવઇ એ,
નારિ ન મેલ્હઇ મુનિવર પાય, મુનિવર મુષિ બોલઇ નહીય,
એમ કરંતા જાઇસિએ, બાધુલઉ મોહ ને પાસિ,
તૂં વડઉ લેસાલીઉ એ
તાં તુણુડા તુઝ તોતલાએ, હઉં બલિકી જિસુ નામ,
તૂં વડઉ લેસાલીઉ એ,
બારહતાં તુણુ વીંટિયા એ, બાર તિ સાંકલ ભાર,
તૂં વડઉ લેસાલીઉ એ.
બાર એ સૌત્ર જણુણી તણાં એ, તૂ વડાં બાર જિ અંગ,
તૂં વડઉ લેસા૦
માઈય પઢતઇં માઈય પૂરીય આસ, તૂં વડઉ લેસાલીઉ એ,
પૂત્રઈં સૂત્ર લિખ્યા પષઇ એ, રહાવિઉં ઘર સૂત્રુ,
તૂં વડઉ લેસાલીઉ એ,
અભયકુમાર તૂં પીત્રીઉ એ, ન્યાય તૂં એ વડ બુદ્ધિ,
તૂં વડઉ લેસાલીઉ એ,
અમ્હ પ્રિઉ વછતઇં રહવીઉ એ, રમત લઇ બાર વરીસ તૂ વડઉ૦
રહિલા વરસ બાર ગહિલો, સહસ અઢાર સી લંગ ભાર ગેહિણિ
મુકલાવઇ આર્દ્રકુમાર,
પંચસઇ અંષરખેમિલિ નલાં ભાગિ તેજિ,
પંચસઈં ગજ તાપસ પ્રતિબોધિયલાં ન્યાનિ,
સહસ પરિવારિ સરિસઉં, વંદિઉ અભયકુમાર મુનિ,
દેપાલુ તો ગિયલા મુકતિ, ચતુર્વિધ સંઘ વર દુ આદ્રનપતિ.

॥ આદ્રકુમાર વીવાહલુ સમાપ્તઃ ॥

# ૩

## વિરહ દેસાઉરી ફાગુ વસંત

આજ સષી મન કંપએ, તાલોવેલિ કરેઇ,
ફાગુ ષેલણ દિન આવીઉ, પ્રીય દેસાંતર લેઇ,
રાષી તુ સષી નરહએ, અણુરસનાહ અંજાણ,
ગો અંગિ ન ભેદીઇં, યૌવન ધરઇ પરાંણ. ૧

શ્લોક —

પ્રાણેશં પ્રથમં પ્રયાણ સમયે બ્રહ્માડડકુલા પ્રેયસી,
નીત્વા સ્થમ્ભ સુધાક્ષતં દુર્લભકણાન્ દાતું સરસ્યાગતાન્,
આસ્ફુર્જિજત વિપ્રયોગદહન પ્રાણેશ તં યૌવનં,
સ્વેદાદ્ર ભક્તામભૂત્ કૃતમવતીની નીરાજનાં લજ્જનામ્. ૨

આહિદ્દી હેલૂ અવાજ એ દવિ દાઝઇ સષિરેઉ,
દાસિ તુહારી અકંતરે, રહિ રહિ કિસી અપરેઇ,
કિ મુઝ મારિ કટારડી, કઇ પ્રિયગમણ નિવારિ,
મોકઉં હે અટલઉં હરિ લયઉં વહરી અવિરહ મમારિ. ૩

શ્લોક —

મું પંથિ જાતાં મન બોલિ હાસઉં,
સષી સષી માહિ હુસિઇ વિષાસઉં,
દેષાં ન દે નાસ્તિ કવી સહૂ એ, કોઠીં બડે કાજ સરઇ કૂડએ. ૪

હાંસલા·વિણુ કિસિઉં સરોવર, કોઇલિ વિણુ કિસિઉં રાન,
વાલંભ વિણુ કિસી ગોરડી રહિ, રહિ નાહ અજાણુ.
ઈણુ રતિ કોઇ ન નીંસરઇં, મૂરખ તું ભરતાર,
રાઉ પહૂતુ રિતિ તણઉ, યૌવન પહિલઉં ભાર. ૫

શ્લોક —

વાઉલઉ અલિ મનોહર વાયઉ, ચંદલઉ રયણિ ઊપરિ ધાયુ,
કંત કાયર મન જાઇસિ ઘર છાંડી, તઇ જીવતઇં હઉં હૂં જિ રાંડી. ૬

શ્લોક —

અહે માસ વસંત રુલી આમણઉં, કામિનીનું મન જાણિ,
પૂરિ હરષ ઘરિ રહી નઈ, બાલા પણુ રસ માણિ,
કોઇલિ કરઇ ટહૂકડા, બઇઠડી આંબલા ડાલિ,
ફાગુણિ ઘરિ પ્રીય મેલ્હ એ, યૌવન પહિલઇ અગાલિ. ૭

કાવ્ય —

મ લવિ કોઇલિ જોઇ લિ તાહરી, રન રાષિ દાષિ તમહરી,
અધર લઇ નખ દઇ મનની રલી,
હિવ કિહાં વિરહ્યાં મિલિ સિઉ વલી. ૮

અહેવુલ સિરિ વનિ મહિકએ, બહિકએ કરણી અછાંહ,
કાંમિની વેસ નવા કરઇં, રૂપિરે ફાગુણ માહિ,
કેસૂઅડા રૂલીઆમણા, ભમરલા રણુ ઝણકાર,
વાંપલા ચિહું દિસિ ફૂલિયા, વનિ બહિકઇ સહિકાર. ૯

કાવ્ય —

ચાંપા તણે કુશ મિ મસ્તક થિઉં અગાહી,
સાહી પયોધર ધરી ક્ષણુ એક વાહી,
વિનાણગાર મુઝ ગિઉ વિનાણી, સિઉં પૂછીઇ પર ઘરિ પીઉં પાણી. ૧૦

કેસૂઅડા રુલીઆમણા, પૂલીયા ગુહિર ગંભીર,
ઈણુ રીતિ કોઇ ન નીંસરઇં, તું મનિ જાંણિ આ,
હીર બાલિ બીજઉરી અસુરી, ભમરલા રણઝણકાર.
વાલંભ રહિ ન સકુ, યૌવન પહિલઉ ભાર. ૧૧

વિરહિણી વશ તપાવસ અલ્હસઇ, કિહિ કહું સખી કુણ દિસિ વસઇ,
દિવસ જાઇ ન વિ જાઇ રાતડી, કહિ કહું એ કુણ વાતડી. ૧૨

જિમ જિમ ફાગુરે ગાઈઇ તિમ તિમ પ્રીઅનિ થાઇ,
કિસિઉં કરું બહુ બહિનું, એ મનિ દુખ હિઇ સમાઇ,
આઠ પહુર નિશિ આવટઉં ન સુણઉં ફાગુ નઇ રાસ,
દેષિ સષી મોરૂં ડિયડઉં રે, લોહી વલઇ ન માસ. ૧૩

શ્લોક —

માઇ મોર વન માહિકીં ગાઈ, કંત કંત વલી વલી મન થાઈ,
દુઃખ સાગરિ પડયાં દિન જાઇ, રાતિ વયરણિ કિમઇ ન વિ હાઇં. ૧૪

વિરહ સંતાવએ પાપીઉ, દાસએ માઝિ શરીર,
તન મન યૌવન વિલસએ, નયણિ ન સૂકઇ નીર,
જિમ બાલાપણિ પહિરણઉં, કંતિ વીસારિય તેમ,
ચ્યારિ પહુર નિસિ આવટઉં, ચકવા ચકવી જેમ. ૧૫

શ્લોક —

કામ ધાડિ નિસિ માઝિમ થાઈ, ચંદલઇં સુરત દુંદભિ વાઈ,
સ્યઉં ભણી ઘરધણી ઘરિ ઢીલી, વીનવઇ સજન લાડ ગહેલ્લી. ૧૬

નયણે ન દેષઉં એ નાહલુ, હિ અડઇ ન સાંભરઇ હેજ,
આંસૂ અડાં નઊ ગાઈઆં, રોઈ રોઈ ભીની અ સેજ,
તપઇ વિરહુ દહઇ હિ અડલઇ ષટકઇ હાર,
એકજ વાલંભ પાષઇ સુંનઉ સઘલઉં સંસાર. ૧૭

શ્લોક —

તપઇ તલાઈ ષટકઇ કલાઈ, ન સકું સહી સૂકડિ અંગિ લાઈ,
વિનાણગારૂ મુઝ ગિઉ વિનાણી, સિઉં પૂછીઇ માધવ દેવિ આણી. ૧૮

દેવ દોહિલા દિન નીંગમઉં, ફાટિરે હિઅડા કઠોર,
માઝિમ રાતિ મુંકઇ કાંપ એ કાજલ કોર,
પ્રીય સંદેસઉ યાવીઉ ઊભીય ષડ કીય અબારિ,
પાડલ પરિમલ બહિકઇ, ભમરુ ભારણ ઝણકાર. ૧૯

શ્લોક —

જલદનઇ જલ જાંબૂઅડાં ગલઇ, ઘર ભણી સંધિ પંથીઅડા પુલઇ,
ઇમ જઈ કહિઉં વલિ મોરડા, જલ ભિંતરિ છઈ પાથર કોરડા. ૨૦

એક મનુ ઘરિ આવિરે મેલ્હિ, હિ આ તુ મચલ,
સ્રી-રસ જીણિ ન માણીઉ, પુરુષ નહીં તે બચલ,
ચાંદલાં કરિ ચાંદ્રિણઉં, મોરું બચાણુ સુણે જિ,
એક સંદેસુ માહસ બાલંભ રસિક હે જિ. ૨૧

શ્લોક —

ઊ નયા જલ નદી જિમ જોઉં, નાહુ નાહુ ભણુતી નિશિ રોઉં,
એક દુખ સખી એ કહું કહિ આગઈ, પ્રાણનાથ મુઝ મૈથુન માગઇ. ૨૨
જીએ વયણિ પ્રીય દૂહવિઉ, તેમ નિ પરહા વીસારિ,
ઇસઉ સંદેસુ તું તહિ, ઝૂરઇ ઘરની નારિ,
ચાંદ્ર કન્હે લીઆ ચાંદ્રિણી, બહિનપણઉં કિરિ માઇ,
ઇસઉ સંદિસઉ તું કહે, હું તસ લાગીઅ પાઇ. ૨૩
રે ચાંદલા સઉણિ કૃપા કરિ તું જી મોરી,
રે પાપીઆ પ્રગટ થાઇ મ દાસિ તોરી,
જુ ભેટિ સિ હરિ ચ વદનની ક ષેરી,
ભૂલી ભમઉં પ્રી રમ્યુ મુઝ ચિત્ત ચોરી. ૨૪

સુણઉ રે સહી અસમાંણી, અસમિણડઉં નિસિ ભર દીઠ,
હસીય હસી પ્રીય રીઝવું, પ્રીય સેજડી અબઈઠ,
જાણઉં જઇ મુઝ પ્રીય આવીઉ, ન ઇંગલિ ઘાલીય બાંહ,
ઊઠીય પ્રીય પ્રીય કરતી ન પ્રીય ન ગલિ બાંહ ગુલિ બાંહ. ૨૫

શ્લોક —

અહનિસિ ગુણ ગાઉં, ચાંદલા માંડલાઉં,
વિમરિ પડહુ વાઉં, કાન્હ બીજઉ ન ચાહું,
સખિ ક્ષણ એક ન સૂતી પ્રીયસિઉં હઉં વિગૂતી,
મન રસિ ષૂતી એકલી હઉં વિગૂતી. ૨૬

હવ પૂછઉં પંડિત જોસીય, કિસ્યા ગ્રહ કિસી છઇ રાસિ,
ધૂલહડી દિન પૂંનિમ હોલીય ફાગુણ માસિ,
ઇસઇ સમઇ આવિસિ, હિયડલઇ જયજયકાર,
ગોરી ય વચન સાંભલી કરી, કાંમિની કરઇ શૃંગાર. ૨૭

ફાલી ભલી ઓઢણિ અંગિ રેહઇ, આવી રહીજુ તુરણી ત્રિભેટઇ,
હું હેલ દેતાં પડી જિ ષેટઇ, જાણઉં વિદેસી મુઝ કંત ભેટઇ. ૨૮

અહે હરષિ કામિની અનિહાલએ નાહુ કિ આવણહાર,
અંગિ સુરંગિ કાંવુઉ અનઇ અમૂલિક હાર,
અગર કપૂરિહિ અરચિઉં રચિઉં દેહ શરીર,
કરીયલિ કંકણ ષલકઇં, ઝલકઇં પાઇ મંજીર. ૨૯

કડિ ઉલગાવિ મેઘવની જિ પટુલી,
લીલઇ કપૂર કરિ પાંન તણીં જિ કુલી,
ઇસિ સેઇ સૂકડિ લેઈ કણારિ, જુ ભેટિ સિ મદન મૂરતિ તુંમ મારિ. ૩૦

માગિ ભરઇ સરિ માવટી મસ્તાકિ ભરીયાં ષુપ,
ભમહડીએ ભમરા ભમઇં, ચાંદ્ર ય સઉં મુષ રૂપ,
આંખડીએ રસ કાજલ કરઇ ન વેરુ માર,
કાંનિ મોતી લગ ષીંટલી કંઠિ ન ગોદર હાર. ૩૧

શ્લોક —

હોઠ સિઉં હઠ કરઇં પરવાલી, વેગિ લઇં લહિકઇ જિમ પાલી,
મુખયસું પૂનિમ ચાંદલુ, મંત્રિ કાન્હ મેલ વિકાલુ. ૩૨

ચંદનિ ભરીય કચોલીય, મુંકીય સેજ વિછાહિ,
ઇસઇ પ્રીય આવીઉ હીડલઇ હૂઅ ઉચ્છાહ,
હસી હસી પૂછઉં વાતડી, પ્રીય સેજડી બઇઠ,
સર્વસુ અંતિ સમો સમ્યઉં, વીસરિઉં દુક્ખ ઊબીઠ. ૩૩

કાંચૂ તણાં કસણ ગ્યાં ત્રટકઇ જિ ત્રૂટી,
ચાંપાં પદ્રયાં વીણિથિકાવિ બૂટી હીઇ,
ઘણુ હરષ હૂઉ તિવારઇ, સેજ મિલિ પ્રેત મ જિણિ વારઇ. ૩૪

સોલ કલા સસિ ચાંદલુ રોહિણિ તુંવર જાણિ,
ક્ષણિ એ કરઈણિ વિહાણિ અં સાચઇં મ કરિ વિહાણ. ૩૫

રે કૂકડા વાસિ મ ઇણિ રાતિઇ,
સ્રી જાગિ તી વિકરિ રે કરિ કાંઇ તાતિ,
સુરા વિયોગ થિર મુંજ રથિ રાણુ,
લેઈસિ મુંજર દેશ ષાણઉ. ૩૬

અધર તંબોલિ રંગીયા, મરૂં અસોહા વા કંત,
સહીયર માહિ રમંતીહ રંગિહિં ભીનલા દંત,
રસીયાં રસિ વેધ્યાં રહિ, ભમર ભમી રસ લેઓ.
રસ કસ વેધ ન જાણતાં, તે નર જીવઇ કાંઇ. ૩૭

દિને દિને ગચ્છતિ નાથ! યૌવનં,
ચભાય (?) નિત્ય યદિ શક્તિરસ્તિ તમ્
યદા યદા કો.... ખંડ સંનિધૌ, તિલોદકૈ સાધ્યમલોદકુમ્ભમ્. ૩૮

ગોરીઅ વાલંભ બે રમઇ કરઇ નવેરા ભોગ,
અણહિલવાડા પુર પાટણિ વસઇ તિ વેધીયા લોક,
વિરહિ વસંત સો આવીઉ, ફાગુણિ તરુ સિંગાઇં,
રાજ કરુ રસીયં ઘણું, સરસતિ તણઇં પસાઇં. ૩૯

॥ વિરહ દેસાઉરી ફાગુ વસંત સમાપ્ત ॥

# ૪

## પંચ સહેલી

અથ પાંચ સહેલી દૂહા લિખ્યતે.

દેખ્યા નગર સુહાવણા, અધિક સુચંગા થાન,
નામ ચંદેરી પરગડી, જાંને સુરલોક વિમાન. ૧

ઠાંઇ ઠાંઇ મંદિર સતઘણા, સૌને લીખીયા લેહ,
છીહલ તીણકી ઉપમા, કહતાં નાવૈ છેહ. ૨

ઠાંય ઠાંય સરવર પેખીયે, સુભર ભરે નિવાંણ,
ઠાંઇ ઠાંઇ કુચા વાવડી, સોહૈ ફીટક સમાંન. ૩

પવન છતીસૈ તિહાં બસૈ, અતિ ચતુરાનૈ લોગ,
ગુણ – વિદ્યા – રસ – આગલા, જાંણૈ પરિમલ ભોગ. ૪

તિહાં બહુ નારી પેખીયે, રંભાકૈ અણુહારિ,
રૂપવંત ગુણ–આગલાં, અવર નહીં સંસાર. ૫

પહિર સવાઇ આભરણ, અરૂ દક્ષિણકા ચીર,
બહુત સહેલી સાથ મીલ, આઈ સરવર તીર. ૬

ચોવા ચંદન કેતકી, પરિમલ પુણ્ય અનંત,
ખાવઇ બીડા પાનકા, ખેલઇ સખી વસંત. ૭

કેઇ ગાવઇ મધુર ધુનિ, કેઇ ગાવઇ રાસ,
કેઇ હિંડોલૈ હિંડતી, ઇણ વિધ કરૈ વિલાસ. ૮

તિણમૈ પંચ સહેલીયાં, બઇઠી બાંહા જોડિ,
ઉવૈ ગાવઇ ના હસઇ, નાં મુખિ બોલૈ બોલ. ૯

નયણા કજલ ના દીયા, ના ગલિ પહિર્યા હાર,
મુખ તંબોલ ન ખાઇયા, નાં કછુ કીયા શૃંગાર. ૧૦

સુકે કેસ ન ન્હાંઇયા, મેલૈ કપડે તાસ,
વીલખી બૈઠી પંચધણ, લંબે લેઇ ઉસાસ. ૧૧

સુકે અહર પ્રવાલીયાં, અતિ કુમલાંણે મુખ,
તબ મઇ બુઝી જાઇ કઇ, તુમ્હકું કેહા દુઃખ. ૧૨

દીસહું જુવન બાલીયાં, રુપ દીપતિ દેહ,
મોસું કહો વિચારકઇ, જાતિ તુમ્હારી કેહ. ૧૩

તબ ઉવાસચા અખીયા, મીઠે બોલ અપાર,
નામ હમ્હારી જાતિકા, છીહલ સુણો વિચાર. ૧૪

માલણિ અરુ તંબોલણિ, તીજી છીપણ નારિ,
ચોથી જાતિ કલાલણી, વલી પંચમી સુનાર. ૧૫

બોલી માલણી : મુઝકું દુઃખ અનંત,
બાલી જોવન છોડિકઇ, ગયો દિસાવર કંત. ૧૬

નીસદીન વહૈ પ્રનાલીયાં, નયનાં નીર અપાર,
વીરહા માલી દુઃખકા, દુભર ભરે કીયાર. ૧૭

કમલ વદન કુમલાઇયા, સુકી સબ વનરાય,
વાઝુ પીયારે ટોકખીતં, વરસ બરાબર જાય. ૧૮

તન તરવર ફલ લગીયા, દોઇ નારંગ રસફુલ,
સુકણ લાગી વિરહ ઝલ, સિંચણહારા દુર. ૧૯

તન વાડી ગુણ ફુલડા, પ્રીય નીત લેતા વાસ,
અબ ઇહાં થાનિક રાતિદીન, પીડઇ વીરહઇ સાસ. ૨૦

ચંપા કેરી પાંખુડી, ગુંથ્યો નવસર હાર,
જો હું પહિરું પ્રીયવીન, લાગૈ અંગ અંગાર. ૨૧

માલણિ અપણા દુઃખકા વીરહ કહ્યા વિચાર,
અબ તું વેદન અપણી, આખિ તંબોલણ નારિ. ૨૨

દુજી કહઇ તંબોલણી, સુણિ ચતુરાને વાત,
વીરહઇ માતિ કંત વીન, ચોલી ભીતર ગાત. ૨૩

હાથ મહોરું સિર ધુણું, કીસકું કહું પુકાર,
મોતીરા નહી વલ્લહો, કરૈ ન મોરી સાર, ૨૪

પાંન ગએ સવ રુંખકે, વેલ ગઇ તનુ સુકિ,
દુઃખ ભરિ રીતિ વસંતકી, ગયો પીયારો મુકિં. ૨૫

હીયડા ભિતર પઇસ કરિ, વિરહ લગાઇ અંગિ,
પીઉ પાણી વિણ નાં બુઝૈ, જલૈસી લગસિ લગ. ૨૬

તન વરઇ વિરહા દહઈ, પડીયા દુઃખ અસેસ,
ઐ દિન દુભર કયું ભરું, છાયા પીયુ પરદેસ. ૨૭

કહ્યાં તંબોલણિ આપણાં, અબ કહિ છીપણ એહ :
પીઉ ચલંતઇ તુઝસું વીરહઇ કીયા કેહ. ૨૮

તીજી છીપણ ભાખીયો, ભરી દોય લોયણ નીર,
દુજા કોઇ ન જાંણહી, મૈરઇ જીવકી પીર. ૨૯

તન કપડા દુખ કતરણી, દરજી વીરહા એહ,
પુરીયું તન વૈતીયા, દોન દીન કટૈ દેહ. ૩૦

દુઃખકા તાગા વાંટિયા, સાર સુઇ કર લેઈ,
ચીનજ બાંધી ચુંપસ્યું, નાન્હે વખીયા દેહ. ૩૧

વિરહઇ રંગઇ તન દહઈ, દેહ મજીઠ સુરંગ,
રસ લીયા અવટાઇ કરિ, ખાર દીયા દુઃખ અંગ. ૩૨

મીઠે સોઇ નિચોઇ કરિ, કુકસ કીયા અંત,
એહ હમારા જીયકું, મરણ કરઇ એ ભંતિ. ૩૩

સુખ નાઠા દુઃખ સંચર્યા, કિહિ કરિ દેહિ સારિ,
વીરહૈ કાયા કંત વીણ, એ મોસું ઉપગારિ. ૩૪

છિંપણ કહ્યો વિચાર કરી, આપણા દુઃખ સુખ રોઈ,
કહિ કલાલણિ અખતું, વિરહૈ કિયા સોઇ. ૩૫

ચોથી દુઃખ સરીરકા, લાગી કહણ કલાલ,
હિયડઇ પ્રીયકા પ્રેમકી, નીતહી ખટકૈ ભાલ. ૩૬

મો તન ભાઠી જયું તપઇ, નયન ચુવઇ મદધાર,
વીણહી અવગુણ મુઝસું, કિસક રહ્યો ભરતાર. ૩૭

દેખી અકેલી પીયુ વીનુ, વિરહૈ લાંઈ ઘાહિ,
વાલંભ ઉલટા હોઇ રહ્યા, પીવસું વિમહી વાહિ. ૩૮

ઇસ વીરહાકૈ કારણઇ, બહૂતે દારુ કીખ,
ચીતકી ચેતન ચારહઇ, ગયા પયાલે જીવ. ૩૯

માતી જોબન ફાગ ઋતુ, પેમપીયારા દુર,
રલી ન પુજૈ જીવકી, મરું મારિ વિસુર. ૪૦

હીયડા ભિતર ઝુરિ કરિ, કરું ઘણેરા સોસ,
વઇરી હુવા વલ્લહા, વીરહા કીસકા દોસ. ૪૧

મોસું વિરહા વિચરકા, કહ્યા કલાલણિ નારિ,
એ કછુ દુઃખ સરીરમાંહિ, મોસું આખિ સુનારિ. ૪૨

કહૈ સુનારી પંચમી : અંગ ઉપના દાહ,
હું તુઝ પૂછું વીર મૈ, જાણું નાહિ થાંહિ. ૪૩

હીયા અંગીઠી મુસ જીવ, મદન સુનાર અભાગ,
કાઇલા કાયા દેહકા, ગાલ્યો સબહી સુહાગ. ૪૪

દુઃખકા તાગા વાંટીયા, રતી દલેરી ધીર,
મા સામા સનમુખા, સોઝ્યા સખહી સરીર. ૪૫

વિરહ રુપ ચુરાઇયાં, સોન કીયા મુઝ જીવ,
કિસકું દુઃખ અપના કહઇ, જબ ઘર નાહિ પીવ. ૪૬

તનુ તોલૈ કટ ઘરઇ, દેહ કસી લસીતાઇ,
વીરહાકો સુનાર જીમ, ઘડઇ ફીરાય ફીરાય. ૪૭

ખોટી વેદન વીરહકી, મૈ રઈ હીયરા માંહિ,
નીસદીન કાયા કલમૈ, નાં સુખ ધુપ ન છાંહિ. ૪૮

છીહલ વૈરી વીરહકી, ઘડી તપાવો સુખ,
હમ પાંચે તુમ્હસું, કહ્યા અપનૌ મનકા દુઃખ. ૪૯

કહિ કહિ પંચ સહેલીયાં, અપનૌ દુઃખકા છેહ,
બહુડિ દીન દુજૈ મિલી, જબ હી ગડુકયા મેહ. ૫૦

ભુંઇ નીલ ઘણુ પુંગરી, ગયણુ ચમકઇ બીજ,
બહુત સખીકઇ ઝુલરઇ, ખેલણુ આઇ તીજ. ૫૧

વિહસઇ ગાવૈ રંગભરિ, કીયૈ સજહી શ્રૃંગારિ,
તબમૈં પંચ સહેલીયાં, બુઝી દુજી વાર. ૫૨

મૈ તુમ્હ આમણુ દુમણી, દેખૈથી ઉણિ વાર,
અબ હું દેખું વીહસતી, મોસુ કહૌ વિચાર. ૫૩

છીહલ હમતો તુમ્હસું, કહતી હૈ મન ભાય,
સાંઇ આયા પરદેસસું, એ દિન સુખમૈ જાય. ૫૪

ગયા વસંત વીજોગકા, અરુ ધુપ કાલા માસ,
પાવસ ઋતુ પ્રીઉ આવીયા, પુગી મનકી આસ. ૫૫

માલણિકા મુખ ફુલજ્યું, બહુત વીકાસ કરેઇ,
ભમરાહિ ગુંજાર કરિ, પીઉ મધુકર રસ લેઇ. ૫૬

ચોલી ખોલિ તંબોલણી, કાઢયા ગાત અપાર,
રંગ કીયા બહુ પીવસું, નયણુ મીલાઇ તાર. ૫૭

છીપણુ કરૈ વધાવણી, જબ પ્રીય દેહી દીઠ,
અતિ રંગરાતિ પીઉસું, જયું કાપડઇ મજીઠ. ૫૮

જોવન માતી લટકતી, રસકસ ભરી કલાલિ,
હસિ હસિ લાગી પીઉ ગલિ, કરી કરી બહુતૈ આલિ. ૫૯

કાયા કંચન જ્યું દીપઇ, હરિ શ્રૃંગાર અનુપ,
આયા પીઉ સુનારિકા, ચઢયા ચોગણા રૂપ. ૬૦

પીઉ આયા સુખ સંપજ્યા, પુગી મનકી આસ,
તબ મ્હે પંચે કામની, લાગી દૈણ આસીસ. ૬૧

વારી તેરે બોલકું, જિહિ ઘરિ નાંહિ પીઉ,
છીહલ તુમ્હ થૈ જગતમઇ, રહ્યા હમારા નાઉ. ૬૨

ધન સુમંદિર ધન દિવસ, ધન સુપાવસ એહ,
ધન વાલ્લંભ ઘરિ આવીયા, ધન સુવાસૈ મેહ. ૬૩

નીસ દીન જાએ આણંદમઇ, વિલસઇ બહુ વિધ ભોગ,
છીહલ પંચ સહેલીયાં, કીયા પીઓસું ભોગ. ૬૪

મીઠી મનકી કામની, કીયા સરસ વખાંન,
અણુજાંણ્યા મુરખ હસઇ, રીઝૈ ચતુર સુજાણ. ૬૫

પનરહસૈ પંચોતરઇ, પુનીમ ફાગુણ માસ,
પંચ સહેલી વર્ણવી, કવી છેહલ પરગાસ. ૬૬

॥ ઇતિશ્રી પંચસહેલી સંપૂર્ણમ્ ॥

# ૫

## ધમ્માધર્મ્મ વિચાર ચઉપઈ

ચઉદહ પૂરવ માહિ જ સાર, પહિલું ધુરિ સમરઉં નવકાર,
પભણિસુ ધમ્માધમ્મ વિચાર, જીણહ જીવ તરઇ સંસાર. ૧

જીવહ રક્ષા જે નર કરઇ, સત્ય વચણુ અનઇ ઊચરઈં,
પરસ્ત્રી તણઉ કરઇં પરિહાર, નિશ્ચઇં તે તરિસઇં સંસાર. ૨

ધર્મ્મ ધર્મ્મ પભણઇ સુહ કોઇ, ધર્મ્મ કરઇ પુણ વિરલુ કોઇ,
ધર્મ્મ તણઉ જિણિ બૂઝિસઉ સાર, તિહ મનિ ક્રોધ નહી અહંકાર. ૩

ડૂંગરિ બલતઉં પેષઇં ગમાર, ચલણહ હેઠિં ન જાણઇં સાર,
પરનિંદ્યા નિરંતર કરઇં, આપ બૂડંતૂં નવિ સમ ધરઇં. ૪

જિસઉ કિ સાગરિ દીસઇં નીર, તિસું ધન યૌવન અથિર સરીર,
પ્રતિષિ પ્રમાણઇ પેષઈં નયણિ, તોઇ ન લાગઇસુહુ ગુરુ વયણિ. ૫

ઇણિ સંસારિ સહૂય ઇંદ્રિયાલ, ઘડિય માહિ જીવ પુહુચઇ કાલ,
ન કિઉં ધરમુ અવર તા કરઇં, કાલિ પાસિ તાણિઉ સંચરઇં. ૬

જીવ લેઈ જાઇ કિરતાર, વેસ નર દહઇ ઢંઢાર,
જોડ ન તણઉ વ્યાપાર, માણસ ફીટી થાઇં છાર. ૭

ષત્ર અષત્ર નિતુ કરઇં ગમારુ, પુત્ર કલત્ર પોસઇં પરિવારુ,
અંતકાલિ સહુ પાછઇ રહઇ, નરગમાહિ દુખ ઇકલુ સહઇ. ૮

કૂડ કપટ કરિ ધનુ મેલંતિ, પૃથ્વી ષણી મૂઢ સા તંતિ,
પૃથ્વી હસી કરી ઇમ જુ ભણઇ, ધન મૂ ધૂલિ મૂહિ એહ તણઇ. ૯

એક નર કૃપણુ ઇસા અવતરી, દ્રવ્ય તણા દીસઈં પાહરી,
દ્રવ્ય લેઇ ઘાતઈં પૃથ્વીમૂલિ, આપણુ સામ્હી તાણુઇં ધૂલિ. ૧૦

ઈકિ દાનિ જલહર વસંતિ, સવઇ કણુઇ ઉપગાર કરં(તિ),
પૃથિવી વૃત્યા ઇકુ પરિસારુ, જીહ ચિતિ નિરંતરુ એહ વિચારુ. ૧૧

ત્રિભુવન ગુરુ વીર પાય પણમેવિ, ગૌતમ ગણધર પૃચ્છા કરેવિ,
કહિ ગો સામી ત્રિભુવન ભાણુ, પાપહ પુણ્યહ તણુઉં પ્રમાણુ. ૧૨

કિસઈ કરમિ જીવ નરગિ પડંતિ, કિસઈ કરમિ નર સિદ્ધિ લહં(તિ),
કિસઈ કરમિ માનવ સંસારિ, કિસઈ કરમિ રુલઇ તિર્યંચ મઝારિ. ૧૩

પંચેન્દ્રિય વધ જે ન કરઈં, અસત્ય વયણુ અંનઇ ઊચરઇ,
પરધન હરઈ પરરમણિ રમંતિ, ઇસઈ કરમિ જીવ નરગિ પડંતિ. ૧૪

આમિષુ મિષઇ અધમ આદરઈ, પાપહ પરિ યહ જે નર કરઈં,
નીઠર નિરુદય વહઈં અમગ્ગિ, ઇસઇ કરમિ જીવ જાઈં નરગિ. ૧૫

માયા ધૂરતપણૂ જે કરઈં, કૂડિ કપટિ અંનઇ વિવહરઈં,
વેસાસી જે વંચઇ નારિ, ઇસઇ કરમિ રુલઈં તિર્યંચ મઝારિ. ૧૬

અજ્જવ મદ્દવ ગુણ સંજુત્ત, સવિહઉં વારઈ નિરમલ ચિત્ત,
કોપાનલિ કો નવિ દહઇ, ઇસઇ કરમિ મણૂ અત્તણુ લહઇ. ૧૭

તપ તપઈં ભાવના ભાવંતિ, સુદ્ધિ ચિત્તિ જ દાન દેયંતિ,
ક્રોધ માન માયા પરિહરઇ, ઇસઈં કરમિ દેવલોકિ સંચરઇ. ૧૮

॥ ધર્મ્માધર્મ્મ વિચાર ચઉપઈ સમાપ્તઃ ॥

# ૬

## થૂલભદ્ર ચઉપઈ

પ્રથમ પૂજઉં પુણુ ગુરુ દેઉ, અનુકઇ ગણવઇ ચલણુ નમેઉ,
સરસતિ સામિણિ કરઉ પસાઉ, થુણિસ્યાં થૂલિભદ્ર મુનિરાઉ. ૧

થૂલિભદ્ર બોલઇ મુણિરયણુ, સામી અમ્હ દીજઉ કુડુ વયણુ,
કરુ જોડવિ વિનવઇ ગુરુપાસિ, મોકલિ વેસાધરિ ચઉમાસિ. ૨

જિણિ દીઠી તપસી તપ ટલઈં, જિણિ દીઠી મુનિવર બલભલઈં,
જિણિ દીઠી હુઇ સીલ વિણાસુ, કહિ કિમ ગસિ એઉ પવાસુ. ૩

થૂલભદ્ર બોલઇ વિહસેઉ, મોકલિ દેવ મ લાઈસિ ખેઉ,
વેસી તણઉ કવણુ ઉપભારુ, છહં વિગઇ લેઇસુ આહારુ. ૪

ગુરુ મુકલાવિ ચલ્યઉ મુનિરાઉ, પાડલીપુરુ છઇ ઉત્તમુ ઠાઉ,
વેસા તણઈ ગેહિ ગયઉ ઓવહી, ધર્મલાભુ દ્યઇ ઊભઉ રહી. ૫

વેસા ભણઈ ધનુ મ દીસુ, દીઠઉ સામી હઉં બલી કીસુ,
સફલુ હૂઉ આજુ સંસારુ, બહુત દિવસ ભેદ્યઉ ભર્તારુ. ૬

આગઇ બાર વરસ કઉ નેહુ, કિમ કરિ સામી જયણયઉં ગેહુ,
નાચઇ કોસા મનિ ઊછાહુ, સુધન દિવસુ જિણિ આવ્યઉ નાહુ. ૭

ચિત્રસાલી છઇ ઉત્તમ ઠાઉ, તિહિં ચઉમાસિ કરઇ મુનિરાઉ,
પાટિ પઉઢઇ ગમઇ નિસિ દીહ, અંગિ જિનુ જિમ ગુંજારઇ સીહુ. ૮

હાવભાવ બહુ કરુણા કરઇ, ત્રિન્નિવાર આગલિ સાંચરઇ,
મૃગનયણી છઇ કાજલ રેહ, સુવન્નકંત જિમ ઝલકઇ દેહ. ૯
જઇ જિણવયણુ હોઇ અપ્રમાણુ, જઇ પશ્ચિમ દિસિ ઊગઇ ભાણુ,
જઇ કિર કેવલિ ભાસિઉ ચલઇ, તોઇ મુનિરાઉ ન સીલહં ટલઇ. ૧૦
જઇ સાયરુ મેલ્હઇ મજ્જાઇ, જઇ વછલુ ધરઇ નવિ માઇ,
અચલુ મેરુ જઇ ઠામહ ચલઇ, તોઈ મુનિરાઉ ન સીલહ ટલઇ. ૧૧
જો રહીઉ કૂયાનઇ કંઠિ, સીહ ગુહા જિણિ દીધી દૃષ્ટિ,
સાપતણઇ બિલિ કાઉસગુ રહી, તસુ ત્રિહુ સુહગુરિ દુક્કરૂ કહી. ૧૨
અચલુ ચીતુ જાસુ દઢુ સરીરુ, ચઉથઉ આવ્યઉ મુનિવર ધીરુ,
અભ્યુથાનુ કરિ સાઈ લીયઉ, તસુ ગુરિ દુક્કરુ દુક્કરુ કહ્યઉ. ૧૩
તઉ ત્રિહુ મુનિ કીધઉ કોપુ, સામી અમ્હં દીજઉ નિરોપુ,
ચ્યારિ માસ કોસાનઇ રહિસુ, એવડઉ ઉપસગ્ગું હઉં પુણ સહિસુ. ૧૪
સહગુરુ વારઇ મુનિ મ જાઇ, મુનિ ઉછંગિ અંગિ નવિ માઇ,
પહુતઉ પાડલીપુરહ મઝારિ, ગયઉ તીહં જીહિ કોસા નારિ. ૧૫
પેષિવિ જામ ધરઇ ધર્મલાભુ, અમ્હ ઘરિ છઇ દમ્મહં લાભુ,
ન ગણઇ પાવસુ અત્તિ વરસાલુ, મુનિ વરુ મણીઉ દેસુ નેપાલુ. ૧૬
તિણિ જાએવિણુ ભેદ્યઉ રાઓ, રતનકંબલુ લ્યઉ કરિઉ પસા(ઓ),
લઉં કંબલુ સો ચલ્લઇ રલી, આવ મુનિ કોસાનઇ વલી. ૧૭
આપિઉ કંબલુ હરષિઉ મણિ, ખાલ માઝિ ઘાલિઉ તાખણિ,
વેસા ભણઇ તામ કુડુ વયણુ, તુમ્હ ચારિતુ છઇ જિસઉં રયણુ. ૧૮
અમ્હ સરીરુ ષાહલહ સમતુલ્લુ, કિણિ કારણિ તઉં મારગ ભુલ્લુ,
તઉં ગુરુ તઉં ગોસામીણિ મુઝ, જિણિ મો દેષાડિઉ એવડુ બુઝુ. ૧૯
વલેવિણુ ચારિતુ ઊધરી, તાખણિ દેવલોકિ સંચરી,
ધનુ શગડાલુ જાસુ ઘરિ જાઉ, ધનુ ગુરુ જિણિ દીષિઉ મુનિરાઉ. ૨૦

॥ ઈતિ થૂલભદ્ર ચઉપઈ સમાપ્તઃ ॥

# ૭

## બારવ્રત ચઉપઈ

બારહ વ્રત શ્રાવક સંભલઉ, ભાવ ભગતિ મનિ અવિચલ ધરઉ,
કસમીરહ મુખમંડન દેવિ, મોરી વીનતી ઇંકુ નિસુણેવિ. ૧
કવિતુ કરંતા કરિ સાનિધુ, અન અપૂરવ દયકા બુદ્ધિ,
તિમ કરિ જિમ જિણ અણુદ્દિણુ થુણુ(ઉં), ગાઉં ગીત પવાડઉ ભણઉં. ૨
મુઝ મનિ લાગઉ એસ ઉઠાઉ, સરસતિ સામિણિ કરઉ પસાઉ,
બંભણિ કોડી નયર સામી, સારૂ સવિં ઉર્જિત્તહ મણી. ૩
ધિગુ રિ ધિગુ રિ કીઉ એક સંસારુ, અણુસરીઉ પ્રભ નેમિકુમારુ,
વિણુ સાસણિ તહિ સાનિધુ કરઉ, ચુવિહ સંઘ દુરીઅવહરઉ. ૪
ભણઉં પવાડઉ પય સમરેવિ, વિઘન હરે જે અંબિકદેવિ.
બારહં વ્રત કિમ કહઉં વિચારુ, અખરુ એક ન પામઉં પારુ. ૫
સુહ ગુરુતણાં વયણુ નિ સુણેવિ, વઇ વિધિ પભણુઉ સંખેવિ,
વાદ્દતિ વિજય ભવીયો નિસુણે આગમિ કહીય જિણેસરિ એઉ,
અખઉં જિણુવર ધર્મહ તનુ, બારહ વ્રત મૂલિ હિ સમિકિતુ. ૬
પુહુવિં વીર જિણેસરુ કહઇ, દઢ સમિકતુ નર નિરવહઇ,
દુકીય પ્રભાવિ હિ દુઈઉ હોઇ, અવિસઇ સવિ સહુ પામઇ સોઇ. ૭
જં જીઉ કરમુ નિકાચિતુ હોઇ, તસુ પ્રતિ સૂરિ ન પંડિત કોઇ,
ત્રિસઠિ સિલાકા પુરષહ જોઇ, વિણુ વેઇયા ન છૂટઇ કોઇ. ૮

ચઉવીસ જિણંદ ચક્ક બાર, નવ વાસદેવ નવ હલધાર,
નવ પ્રતિવાસદેવ જે હૂયા, કરમ ખપી તે મોખહ ગયા. ૯

ભવીયાં જીવદયા પાલેઉ, પંચ અણુવ્વઇ પહિલઉં લેઉ,
જિમ નીય જીય તિમ પર પેષેઉ, જિમ તુમ્હિ સાસઇ સુખ લહેઉ. ૧૦

બીજઉં અલીઉ મ જંપઉ કોઇ, સચ્ચ વદંતાં બહુફલ હોઇ,
સવ્વઇં ધણ કણ કંચણ રિધિ, સવ્વ લગઇ પામીજઇ સિદ્ધિ. ૧૧

ત્રીજઉં વ્રત્ત સુણિ અદતાદાનુ, જિણિ જગિ સયલ હુઈ અપમાનુ,
પરધન તણુઉ કરઉ પરિહારું, દુત્તરુ જેમ તરઉ સંસારુ. ૧૨

જે કુલવંતી હુઇં નરનારિ, પાલઇં સુધ સીલ તરઇં સંસારિ,
ચઉથા વ્રતહ તણા ગુણ જોઇ, માણઇં ભોગ થિયા સુર લોઇ. ૧૩

વ્રત પંચમા તણ સુણિ ભેઉ, પરિગ્રહ તણુઉ પ્રમાણુ કરેઉ,
અણહુંતા મન મંગલુ દેઉ, મનિ કો લીયા જેમ વીટેઉ. ૧૪

ધામી છટ્ઠઉં વ્રત નિસુણેઇ, દિસિ પરિમાણ નીમ તમ્હિ લેઉ,
મન મોકઉં મ મેલ્હિ અસારુ, બહુત યોનિ હીડિસિ સંસારુ. ૧૫

વ્રત સાતમા તણુઉ સુણિ બંધુ, ભોગવ ભોગહ કરઉ નિબંધુ,
પંચઇ ઇંદ્રીય જુ વસિ કરઉ, તુ ભવસાયર લીલઇં તરઉ. ૧૬

નિસુણુઉ વ્રત આઠમા વિચારુ, અનરથ દંડ કરઉ પરિહારુ,
અનેક ભેદ જિણ ધંમહ તણા, એક જીહ કિમ જાઇ વંનાણા. ૧૭

નમવઉં વ્રતુ સામાઇકુ લેઉ, પડિકમણઉં સિજઝાઉ કરેઉ,
અણુદિણુ થુણઉ જિણેસર દેઉ, દુકીય કમ્મ જિમ પામઉ છેઉ. ૧૮

દસમા વ્રતહ તણી વિધિ જોઇ, જિમ વલિ આવાગમણુ ન હોઇ,
દસ દિસિ મનુ પસરંતઉં ધરઉ, જિણતણાં ચલણ અણુસરઉ. ૧૯

જં જીય ધમ્મહ બૂઝઉ ભેઉ, વ્રત એકાદશ મંનિ સુણેઉ,
પોસહ તણુઉ કરઉ ઉપવાસ, જિમ તમ્હિ પામઉ સિદ્ધિ નિવાસ. ૨૦

બારસમઉં વ્રત નિસુણુઉ લોય, અતિથિ દાનિ ફલુ એવડ હોઇ,
વંદનિ સ્તવિ કીયા કૈ માસ, વીરુ પારાવીઉ છઠ્ઠા માસ. ૨૧

પારણએ પુહુ વીર જિણંદુ, જય જયકર કરઇં સુરઇંદ,
કંચણ કોડિ બારસ વિસેસ, અમર વરીસઇં તહિં પુરિ દેસ. ૨૨

તિહૂઅણિ સાસ લહિજ્જઇ નારિ, દિન્ન દાનુકો માસ બિચ્ચારિ,
દાન પ્રભાવિ સાસ સવિ કાલ, જગિ જઇવંતી ચંદનબાલ. ૨૩

નમયાસુંદરિ અનુ દમયંતિ, ચંદણબાલ અછઇ મહાસત્તિ,
ચઉથી સીતા રામહ ઘરણિ, ભવીયાં મહાસતી પયસરણિ. ૨૪

॥ ઇતિ બાર વ્રત ચઉપઈ સમાપ્તઃ ॥

# ૮

## સુભદ્રા ચઉપઈ

જાં પુનુ હોઇ ગયાં ગિરનારિ, જં પુન્ન દીધઇ સોનાભારિ,
જં પુન્ન લખ નવકારઇં ગુણિઇં, તં પુન્નુ સુભદ્દા ચરિતઇં સુણ્યઇં. ૧

દ્દિયઇ દાનુ છહં દરિસણ વઇ, સુભદ્ર મહાસઇ કવઇ,
પહિલઉં સરસતિ જીભઇં લાગુ, ધરમ તણા જિમ દાષઉં માગુ. ૨

જાસુ પસાઇં કવિતુ હુઇ ઘણઉં, પભણિસુ ચરિતુ સુભદ્દા તણઉં,
ચંપાનયરી કહઉં વિચારી, અનઇ સુભદ્ર મહાસઇ નારિ. ૩

ધરમ કાજિ જસુ નિમ્મલુ ચીતુ, નિસુણઉ ભવિયઉ કઉતિગુ વીતુ,
હત્થ પાય પખાલઇ અંગુ, તેહના ધમ્મહ નાથી ભંગુ. ૪

નીમ સહિયા જાઇ દેહુરઇ, નીકા કુસુમહં પાછી ભરઇ,
જિણુ આરાહઇ ચોષઇ મન્નિ, એક વાર સા ભકખઇ અન્નુ. ૫

આંબિલ નિવી કરઇ ઉપવાસ, તપ તપઇ સા બારહ માસ,
સાવક કેરી ઉત્તમ જાતિ, જેસી પૂનિંમ નિમ્મલ રાતિ. ૬

મહેસરી ઘરિ પરણી જાઇ, પીહર વાટ ધરમુ કરાઇ,
સાસૂ ભણીઉં સંભલિ વહૂ, અવરુ ધરમુ તઇં છાંડયઉં સહૂ. ૭

અમ્હં ઘરિ દેઉ નારાયણુ અત્થિ, વહુડી જાસિ મ પારસ નથિ,
સુભદ્રા બોલઇં બે કર જોડિ, સુર અછઇ તેત્રીસઇ કોડિ. ૮

સંભલિ સાસૂ અકખઉં એઉ, જિણવર સમઉ નથી દેઉ,
તઉ સાસૂ કોપિહિં પરજલઇ, જાણે ઘીઇ વઇસાનરુ બલઇ. ૯

મનહ માહિ જઉ ધરીયઉ રોસુ, એહઇ કોઇ ચડાવિસુ દોસુ,
મુણિવરુ એકુ સંસારુ ભગ્ગુ, અતિઘણુ તપ તપેવા લગ્ગુ. ૧૦

કટુંઇ દેહુ તસુ મનુ ન વિ ચલઇ, વીસ વિશ્વા તપુ સંજમુ પલઇ,
પંચહં ઇંદ્રિય મલિયઉં માણુ, કાય કષ્ટ કરઇ સપ્રમાણુ. ૧૧

રાનિહિં જાઈ કાઉસગુ કરેઇ, માસિ વરસિ સો પારેઇ,
વાઉલિ વાઈ કો રણુ ઘણઉં, તસુ મુનિ આંષિં પડિયઉં તૃણઉં. ૧૨

સો નવિ હાથૂ હેઠઉ કરઇ, ખરઉં દુહેલઉં આંષિહિં ઝરઇ,
પૂરી અવધિ ચલઇ તહિં ઠાઇ, તીંણિ નયરી વિહરણ સો જાઇ. ૧૩

અવરિ ન ગઈઉ ચંપા પયઠું, આંષિ ઝરંતી સુભદ્દા દીઠું,
અછઇ મનહ માહિ ચિંતંત, આવઇ મુણિવરુ જઇ વિહરંતુ. ૧૪

ચડીય ભક્તિ કીયઉં વિહરણઉં, સુભદ્રા આંષિહિં ઝડપ્પઉં તૃણઉં,
સાસૂ હુંતી જિમિવા બઈઠ, તૃણઉં લિયંતી સુભદ્રા દીઠ. ૧૫

વિકલ્પ વસિયઉ મનમાહિ, વહૂડી રહસિ મ પીહરિ જાઇ,
અમ્હં પીહરિ નથીં ઠાઉ, એવડિ કલંકિ ચડિઇ કિમ જાઉં. ૧૬

અમ્હં કોઇ ચડાવિ મ દોસુ, કવણિ કાજિ તુમ્હિ ધરિઉ રોસુ,
મહાસઇ મહાસઇ કહવિ ન માઇ, પાછી લેવિણુ દેહુરઇ જાઇ. ૧૭

એવડુ ઢાઢસુ તુમ્હિ કિમ કરઉ, મુનિ વિહરંતઉ હીયઇ ધરઉ,
સુભદ્રા ભણઇ જઉ વર્ત્તઇ ધમ્મુ, પાણી અન્ન અનેરઉ જમ્મુ. ૧૮

તઉ મહાસઇ નિદ્દંઇ અપ્પાણુ, જઉ કિરિ પુહવિહિં ઊગઇ ભાણુ,
વંદઇ દેવ ગુણઇ નવકાર, નીરુ ગલંતી તિન્હઇ વાર. ૧૯

ષૂંણા ભીંતરિ છઇ લંઘંતી, સાસૂ નણંદ શિ લા લિજંતી,
દાધાં ઊપરિ કોડઉ કરઇ, સુભદ્ર મહાસઇ સૂતી પરઇ. ૨૦

સુભદ્રા હૂયા તિન્નિ ઉપવાસ, ગુંણઇ નવકાર લાષ સહસ,
સાસણદેવતિ આયા જકખ, અંબિકદેવિ હુઈ પરતિકખ. ૨૧

સાસણદેવી ભણઇ સતુ તોલિ, ચ્યારિઇં ઢાંકિસુ ચંપાપોલિ,
ભરહં નરિંદહ નહીં હુઇ પાડી, મઇં દીધી કુણ સકઇ ઉઘાડિ. ૨૨

પ્રહ વિ હસીઇ જઉ હૂઇઉ રોલિ, નગરી તણી ન ઊઘડઇ પોલિ,
કો નવિ પ્રાણિઇં પાછી કરઇં, આરડ ભેરડ ગાવી કરઇ. ૨૩

ગયા કહેવા વેગિહિં રાય, બાલાં રોઅઇં ચંપામાહિ,
પોલિ ન ઊઘડઇં હુવઉં વિન્નાણુ, તાં સુભટે તા કવિઉં પ્રાણુ. ૨૪

તકુખણિ નરવઇ ચડિઉ તુષારિ, મ હુંતા ગુપ્તી વાત વિચારિ,
ધૂપ કડછૂ લે કરિ ધરઉ, દેવ કિ દાણવ પાછા કરઉ. ૨૫

દુવે ત્રિવેદી હકારાવઉ, નયરી માહે હોમુ કરાવઉ,
જવ તિલ ઘીઇં સરસઉ હોમુ, જામ ન ગયણિહિં લાગઇ ધૂમુ. ૨૬

તાકુખણિ મહંતઉ લાગઉ ભણઉ, નહીં ચ પાડુ કોઇ હોમઇ તણઉ,
બુદ્ધિ અનેરી કીજઇ કાહિ, પડહુ દિવારઉ નગરી માહિ. ૩૭

ત્રિગિ ચચ્ચરિ વાજઇ ડાંગુરઉ, ચંપાપોલિ જ પાછી કરઉ,
કરઉં કોઇ અમ્હારઉં કાજુ, નરવઇ પભણઇ દ્યઉં અધ રાજુ. ૨૮

સુભદ્રા જીઈ છીતઉ ડાંગુરુ, નરવઇ રાજ ઘણેરઉં કરઉ,
માહિ ઘઈ સાસૂ ઇમ કહઇ, બીજઉ પાવાડઉ સુભદ્રા કરઇ. ૨૯

ઉગી અછિ મ બોલિસિ માઇ, તુમ્હં વયણે અમ્હ દીજઇ દાહિ,
અવર દેસ જિમ્મ ઢંઢોલિ, સીલ પ્રભાવિ ઊઘાડિસુ પોલિ. ૩૦

સાત વરીસી તેડી બાલ, સૂત કતાવણ લાગી તાલ,
કાચઇ સૂત્રિ બાંધી ચાલણી, સુભદ્રા ચાલી કૂયા ભણી. ૩૧

કૂયઇ જલુ ચાલણી કાઢેઉ, ત્રિન્નિ પોલિ જાઇવિ છંટેઉ,
સુભદ્રા સતી બોલઇ તહિં ઠાઇ, ચઉથી પોલિ ઉઘાડઉં ક્કાંઇ. ૩૨

રાઉ બોલઇ સુભદ્રા સાંભલઇ, અવર મહાસઇ તૂ ન વિ તુલઇ,
તકુખણિ રાઉ રુલીયાઇતુ હૂઉ, તીંણુ વેગિ આણ્યઉ હાથિઉ. ૩૩

ગયવર ઊપરિ ઠવિઉ પાઉ, આપણિ પાલઉ ચલિઉ રાઉ,
મેઘાડંબરુ ધરીયઉં છત્તુ, આગઇં નાચત જાઇં પાત્ર. ૩૪

કરઇં કલ્યાણુ ભટ્ટ નાગડી, શુદ્ધ તાલ તસુ સુભદ્રા પડી,
મિલીયાં પાઉલ મંગલ ગાઇં, બહુયા ભટ પઠંતા જાઇં. ૩૫

હૂઉ ઉછવુ નય મઝારિ, સુભદ્રા પહુતી સીહ દુઆરિ,
સુભદ્રા મંદિરિ પુહુતી તામ, સસુરા સાસૂ હરષ્યાં તામ. ૩૬

સાસૂ સસરા લાગા પાઇ, અમ્હે વરાંસ્યાં વહુડી માઇ,
તુમ્હં વિણુ સૂનઉ ભાથુ, એક વાર દઇ પૂઠઇં હાથુ. ૩૭

જે જિણ ધમ્મ હિ ઇક્ષર ચિત્તિ, જિણસાસણ પર જયવંત,
પઢઇં ગુણઇ જે ભવિઇં સુણઇં, સિદ્ધિ સુખ અનંતઉં લહઇ. ૩૮

॥ સુભદ્રા ચઉપઈ સમાપ્તઃ ॥

૯

## જંબૂસ્વામિ હેલિ

નવ પરિણિત વર નારિ, નારિ ધંધોલિય વીનવઈ,
હેલિ સાંભલિ જંબૂસામિ, નામિ તુ હાલઈ અમ્હિ લાગી છઉં હેલિ. ૧

ભોગ વિભોગ અણુંત કંત કૃપા કરિ અમ્હ તણી હેલિ,
જોવણુ ડાભરિ કાઈં, ધાઈં ધણી અમ્હિ છાડિ છઉં હેલિ. ૨

દેવિણુ દક્ષિણુ હાથુ, સાથુ બાલી તણઉ પરિણીયઉ હેલિ,
એવડુ કાઈં વિરાગુ, માગુ નિહાલઈ સિવ તણઉ હેલિ. ૩

સામીઉ સોહગ સારુ, ષારુ મલાઈ સિ અંગિ અમ્હં તણઈ હેલિ,
નવજોવણુ નવરંગિ, રંગિ રમિ નતઉં રમણી સઉં હેલિ. ૪

વિરહ દવાનલ દાહુ, બાહુ થઈં કાંઇ એવડઉ હેલિ,
ગુણુ ગણુ રયણુ નિવાસ, આસ અમ્હારી પૂરિ ન હેલિ. ૫

સીંચિ ન પ્રેમહ વેલિ, ષેલિ રુલી અમ્હેસરસઉં હેલિ,
સામીઉ અતિસુકુમાલુ, બાલ મેલ્હી કિમ જાઈયઇ હેલિ. ૬

ચલણ વહઈં કિમ હેવ, દેવ દયા પર છાંડતા હેલિ,
અમ્હ મનિ એવડ પ્રીતિ, ચીતિ ધરિ ન તઉં અમ્હં હિવ હેલિ. ૭

મનિસઉં સામિ વિચારિ, નારિ મ મેલ્હિસિ વિલવંતી હેલિ,
અંગણિ ફલીઉ સહચારુ, સારુ સામી કિમ છેદીઈ હેલિ. ૮

મેલ્હી કંચણ કોડિ, ષોડિ મ આણિ સિ અંગિ અમ્હ તણઇ હેલિ,
વિલસિ ન વિષયહં સુખુ, દુષુ મ હેઇસિ નવ નવઉં હેલિ. ૯

હિવ વિલસિ નઉં સિઘલીય રિદ્ધિ, બુદ્ધિ ઘણી અમ્હ માનીયઇ હેલિ,
પાછઇ સંજમભારુ, વાર મ લાઇસિ લેઇ વા હેલિ. ૧૦

સંજમિ દૂષ સહેસિ દેસિ વિદેસિ, હીંડતા હેલિ,
છાડિસિ કિમ નિય તાય, માય તણઉ તઉં મોહુ હિવં હેલિ. ૧૧

મેલ્હીઉ ઋદ્ધિ સમૃદ્ધિ બુદ્ધિ કિસી તમ્હં ઊપની હેલિ,
ષેલઉ નવભંગિ રંગિ જંબૂસામિ રાસડઉ હેલિ. ૧૨

॥ જંબૂસામિ હેલિ ॥

# ૧૦

## ભલે મોટી

ભલે તો ભણવી નિરધાર, પાટીછ માંડયા મુકુંદ મોરાર,
મીંડો તો મદસોદન, અવર ધંધાનો નહી મોરે કામ. ૧

બલ્યાડી બહું નામ જ તણી ઓગણુઓ પલાઈઓ ત્રિભુવન ધણી,
માથે મીંડો મોહનરાય, ક્રિસન કથાનો કરો ઉપાય. ૨

નનો વેંટાલો નારાયણનો નાંમ, મમા મોલે સરી સારંગપ્રાંણુ,
એં લાડૂંલા લીધા હાથ, નંદકુંવર આરોગો સનાથ. ૩

સરી રાંણી ચોકડી સાંભલ સુજાંણુ, હુંડી લખી નાગર નરવાંણુ,
કાંઇ ધુંતારે કથણી કથી, સેઠ સાંમલસા સેંહરમાં નથી. ૪

સરી જગ વસે છાંને વાસ, કોઈક જાંણે હરીનો દાસ,
રૂંપઇયા આલ્યા સો સાત, હુંડી સકારી સરી જગનાથ. ૫

ઢાંઉ ઢોકલૂં મ કરીસ ઢીલ, ક્રિસન કથા મૂંખથી મ મેલ,
માથે છેંલ છબીલો જેહ, લેઇ લાકડી એંઠો તેહ. ૬

એનમેન ભાઇડા આડ વસન, બીજા ભાઈ શ્રી રાંમ કૃસંન,
આડો કાંનડ ક્રસન કરી પાલ, નાથ તણી પ્રભૂં કીધી દયાલ. ૭

ઉડ ચારે મૂંઢમ ચાર, ઉપર કરો જમણા જૂંહાર,
ઉપર વાડી કરણી કરે, ધરણીધર સ્યૂં ધ્યાંન જા ધરે. ૮

ઉંઉં આંકડાં ઓલગ રાંમ, બીજા કેસું નહીં મોરેં કાંમ,
લેલીતડ ત્રીભુવનનાથ, દાંન કરો તમે જમણેં હાથ. ૯

સુંતાં સાપલાં સાંભલો સહી, વલંભ દેઇને ઇમ લજોવહી,
એહી મેહી ગાડી ગોવિંદ, બીજી ગાડી પરમાણુંદ. ૧૦

અઓ વેગડ બલભદ્રના વીર, બીજા વેગડ સાહસધીર,
જાત્રાં જાયો દુવારકા મતી, અંગ પાપ ટાલેં ગોમતી. ૧૧

એક રાસેં એક જ સેવ, બીજીનેં બે આગલ દેવ,
કક્કો કેવલ્યો કાસીઇં જાઇં, વલંભ દેઈ નેં લાગું પાય. ૧૨

ખખ્ખો ખાજલો ખરચ્યાં ધન, દાંન કરાં તમેં નીરમલ મંન,
ગગેં ગોરીલ્યો ગોવિંદ નાંમ, ગંગા જઈ નેં કરો સનાંન. ૧૩

ઘઘેં ઘૂંટકો ચઢો ચતુર, ભૂંજ માંનવ સુખનેં પામ્યું મૂંજ,
ન(ङ)નો આંમણ દુમણા નરસી અવતાર,
હરણાંકંસી હણીઓ નીરધાર. ૧૪

ચચાજીની ચોપડી ચાલ્યો ધરમ, કૂંડ કપટનો કાઢો કરમ,
છછાવદા પોટલો પૂરણ બ્રહ્મ, સુંદર મૂંરત રાંમ રતંન. ૧૫
જજો જીરવાંણીઓ વસન વખાંણ, અજામેર ઉધર્યો નીરવાંણ,
ઝઝો રે રો જે જેં હરી, મનખા દેહી નાવેં ફરી. ૧૬
ચયો ભાટ ચોરેં ટોલીઈ નાંમ, માનવમુખમાં જપો રાંમ,
ટકેં ટકા સરેં હુઓ રઘૂંરામ, ખાંડે માર્યો રાવણ ઠાંમ. ૧૭
ઠઠાજીનો ગાડૂંઓ ઠાકુંર દૂંઆર, અમે જઇને ઊભા બારે,
ડડા રાવણડા રણછોડ, દરિશણ દીઠેં પાતિક દૂંર. ૧૮
ઢઢા સરીપત છેં ગોવિંદ, ગોવિંદના છેં ગુણ અનંત,
રણો તણો રાંમ સૂંજાંણ, પાંણી ઉપર તાર્યા પાષાંણ. ૧૯
તતો ઠાવીતો તારણ ત્રીલોક, જરા મરણનેં પાંમેં મોખ,
થથા વરસ બાવલ દે દેવ, માતપીતાની કરજો સેવ. ૨૦

દદો સદીવટીઓ દરજો ધન, રાંમ ભણી તમે હરખો મંન,
ધધો ધનોડીઓ ધરમ જ આદરેં, ને સનવાણ તલાવ ખણે. ૨૧

ત્રસ્યાં જીવનેં પાઈ નીર, સરગાપૂર એહનો સરીર,
નનો કાગલ કેસવનેં લખે અંત કાલેં હર આવે મૂખે. ૨૨

પપેં પરઠયાં ઇલાં કાંમ, ચરણ શરણ સરી રાખો રાંમ,
ફફા ફગડૂં યદુરાઈ, બાલલીલા ક્રસન ગોકલ માઈ. ૨૩

બબા માંહેં ચાંદરણી પૂનિમની રાતિ, રાસ રમ્યા ક્રસન રાધા સાથ,
ભભીઓ ભેંસક ભગત આધીન, જલ વિના જિમ રહે મીન. ૨૪

મમીઓ મોટક જે માહારાજ, સેવકનાં તમે સારો કાજ,
યયો યારસ પેટક જગજીવન, કંનક દેઈને લાગું મન્ન. ૨૫

રે રે રાત રમાડયા મલ, ચંદ્ર મૂંરત ચાર્યા સલ,
લલા ઘોડી વનમાં જાઇ, વૃંદાવનમાં ચારેવી ગાઇ. ૨૬

વવો વાડી વાસુંદેવ સાથ, પૂંન્ય કરો પોતાને હાથ,
સસેં કોટી માર્યો કંશ, ઇણેં અવતાર લીધાં દશ. ૨૭

હેરેં હરીસ્યૂં રાખ્યો ધ્યાંન, ગંગા જઈનેં કરો સનાંન,
એ ખખેરો ઇમ ઓચરેં, એપે(ખે)રાજ ઇમ જ ભણે. ૨૮

ભલે ગણેં સાંભલવા જાયેં, વૈકુંઠ વાસો લેહનો થાઇ. ૨૯

॥ ઇતિશ્રી ભલે મોટી સંપૂર્ણ છે ॥

# ૧૧

## જંબૂસ્વામિ વેલિ

સમુદ્ર શ્રી પ્રિય પતિ ભણઇ : હું જલુ તઉંરિતુ સાલિ,
બગ કિસાણુ જિમ કંગ વણુ, ફલિયાં નઉ ન મૂલિ. ૧

ગુડ મંડ કરસ ઘૃત ખિડ્ડૂ ચૂકિસિ, કામ ભોગ સુખ મૂલિ,
નાહ ન ભૂલીયઇ, નવ પરણિત વરનારિ.
હલાં ન મેલ્હીયઇં, યુગતા યુગતુ વિચારિ,
દયા ધર્મ પાલીઇ, કદલિ કમલ વન મેલ્હિ,
કનકિ ન રાચીઇ, ચંદનુ પાઇ મ ઠેલિ અંગે વિલેપીયઇ.
આંકણી૦ ૧

હત્થિ કડે વરુ તિય તનુ, નરુ હુઇ વાઇ સુનારિ,
વસણિ લબધુ સો તિણિ રહિઉ, મહાસમુદ્ર મઝારિ,
દુહુ દિસિ જોઇ પાર ન પામ[ઇ], અન્હિ ન પડઉં સંસારિ.
નારિ ન ભૂલીયઇ. ૨

પદમસેના ભણઇ : નાહ સુણિ પ્રાણનાહ અવધારિ,
ઇકુ વાનરુ ઇક વાનરી, તરુ વિશેષી નરુનારિ,
લોભ લગી નરુ વલિ વાનર થિયઉ, તિમ તઉં બેઉ મહારિ.
નાહ ન ભૂ૦ ૩

જંબ કુમરુ પ્રિય પતિ ભણઇ : ઇક્કુ નરુ દહઇ અંગારુ,
ત્રિસીઉ સોષઇ સર નદી, સૂતઉ સુપન મઝારિ,
ત્રિપતિ નહી તિણિ ષાર બિંદિ જલિ, તિમ એઉ વિષય સંસારિ.
નારિ ન ભૂ૦ ૪

પદમશ્રી ભણઈ : જંબુ સુણિ, નિરુપમ ઇક છઇ નારિ,
રાજા મેલ્હી લગી ભુજગિ, ભુજગ મેલ્હિ રતિ ચોરિ,
મચ્છ લોભિ સિયાલુ આમિષુ, ગયઉ ધર્મ ચૂક સિ.
નાહ ન ભૂ૦ ૫

વિદ્યાધર માતંગ ધૂય, પરણી વિદ્યારેસિ,
ઇક્કુ વિદ્યા સાધવિ ગયઉ, ઇક્કુ રહિયઉ પરસદેસિ,
હું વિજ્ઝમાલ તણી, પરિ ન કરિસુ, વસિસુ નહી ઘરવાસિ.
નારિ ન ભૂ૦ ૬

કનકસેના ભણઇ : સુણિ, ન પ્રિય દ્રુમ કચી પરિ મન કારિ,
સાખ પૂરિ તેણિ બેય ગમ્યાં, તિમ તઉં નાહ મહારિ,
વિષયભોગ ભોગવિ સુખ પહિલઉં, પાછઇ મુક્તિ વરનારિ.
નાહ ન ભૂ૦ ૭

જંબુકુમર ભણઇ : નારિ સુણિ, વાંનર વનહ મઝારિ,
તહિં પ્રતિમલુ એક્કુ આવિયઉ, ભિડઇ બેઉ તિણિ વારિ.
ભાગઉ ત્રિષાં સિલાં રસિ ષૂતઉ, અમ્હિ પસુ નહીં સંસારિ.
નારિ ન ભૂ૦ ૮

નરા સેના ભણઇ : જંબુ સુણિ, સુધિ બુધિ ષરી સલોભ,
ધનકારણિ જબુ સાધીયઉ, સમા સમા વર લાધ,
એકહ એક્કુ જુ નયણુ જુ લીધઉં, બીજી હુઈ નિરંધ.
નાહ ન ભૂ૦ ૯

જંબુકુમરુ કથા કહઇ : સુંદરિ સુણિ ધરિ ભાઉ,
જાતી સુંદરુ તુરિય ઇક્કુ, મહુંતાસમો પઈરાઉ,
ધરમ તણઇ છલિ ચો નિષ્ફલુ ભયઉ, તિમ તુમ્હિ વિકલ મ થાઉ.
નારિ ન ભૂ૦ ૧૦

કનકશ્રી ભણઇ : મ કરિ, પ્રિય જિમ તિણિ કિયં ઉં ગતારિ,
વિલગઉ રાસભ પુંછડઇ, પડીય દંત ખિ ચ્યારિ,
અબલ બાલ અમ્હ સંગ્રહુ કરિ પ્રિય, મન મૂકિસિ નિરધાર.
નાહ ન ભૂ૦ ૧૧

કથા કહઇ : જંબુકુમરુ : સોલુ એકુ થણુ વાલુ,
ઘોડી મરી વેશા હુઈ, ઓ હૂઉ ઘર રષવાલુ,
સહઇ અપમાનુ સુ નારિ તુ, અમ્હિ ન કરઉં તિમ બા[લુ].
નારિ ન ભૂ૦ ૧૨

કનકવતી કહઈ : સુણિ ન પ્રિય, ઈકું પંખીયા વિચારુ,
વાઘ તણઇ મુષિ મંસુ લિયઇ, અવરુ કહઇ વવહાર,
માસા હસ તણી પરિ મ કરિ, મ કરિ લાજિસિ તઉં ભરતારુ.
નાહ ન ભૂ૦ ૧૩

જંબુ કુમરુ ભણઇ : બાલ સુણિ, તિન્નિ મિત્તુ સંસારિ,
ઇકુ સદા નિતુ પોસીઇ, ઇકુ પરબ તિથિ વારિ,
ઇકુ જુહારુ સારુ હુઇ સરિસઉ, અવરુ તે સયલુ સંસારુ.
નારિ ન ભૂ૦ ૧૪

જયતિ શ્રી ભણઇ જોડિ : કર મ ભણિસિ વારઇ વાર,
બ્રાહ્મણુ ધૂય કલ્પિત કથા, કાઇં કહેઇ ભરતાર,
તઇં સત પુરષિ દક્ષણુ હાથુ દીધઉ પરિગ્રહુ કરિય ઇકુ પાર.
નાહ૦ ૧૫

જંબુ ભણઈ : નર વઇં મહિલવત લલતંગ કુમારિ,
સંચારઇ વિષયા લબધુ, ઘાલીય નરય મઝારિ,
પંચ પ્રકારિ વિષયૂ હું, વિરતઉ વિષુ નભિ ષિસુ વરનારિ.
નારિ ન૦ ૧૬

નવાણુવઇ કોડિ કનક તિજિય, જંબુકુમરિ અટ્ઠનારિ,
વીર જિણંદ મુદ્રા લઈ, વિરતઉ ઇણુ સંસારિ,
પ્રસનુ ચરિતુ ચતુર્વિધ સંઘ, સો જિ મુનિ, અણુદિણુ સીહચા સામિ.
નાહ૦ ૧૭

॥ ઇતિ જંબુસામિ વેલિ સમાપ્તઃ ॥

# ૧૨

## નેમિનાથ વીનતી

ભલી ભાવના ભેટિ વા નેમિ પાયા, હીઉં ઊલટઇ માનવીએ ન માયા,
જમું જાગતી યાદવ જોઈ વાની, વસઇ વાસના તાસુ દીસઇ વાની. ૧

અચ્છઇ એકુ ઊમાહડઉ એક આગઇ, મન માહરું સોરઠ માગિ લાગઇ,
ગિરિનાનું શૃંગ તે રંગિ પામી, કિ વારઇં હુઇ વંસિદવુ સામી. ૨

ઇસિઉં લોક આબાલ ગોપાલ બોલઇ, અનેરુ નથી દેવતા નેમિ તોલઇ.
ત્યજી રાજિસિઉં રાયમઇ જોણિ રાણી,
કૃપા વેડિના જીવની ચિતિ આણી. ૩

કિમઇ સામીઇ સામલા ભેટ લાધી, તિમઇ હર્ષની વેલડી વેગિ વાધી,
કરું જેતીય દેવને પાઇ જેતી, વિણૂં લોભની લાંલહું લાછિ તેતી. ૪

મનિ માનિવુ એહ સંસાર કુડઉ, સદા સેવિવુ રાજ લિકંત રૂડઉ,
ઇસી આસની આસ એતાસુ પૂજઇ,
જકો ભાવસિદ્ધિઇં જગંનાથ પૂજઇ. ૫

॥ નેમિનાથ વીનતી સમાપ્તઃ ॥

# ૧૩

## આદિનાથ વીનતી

સેત્રુંજ મંડળ સામિ સુણિ અમ્હારી વીનતીય,
નાભિરાય કુલ કેઉ, મરુદેવિનંદણ આદિ જિણ. ૧

તું માયા તું તાતુ, તું બંધવુ તું મુજઝ ગુરો,
તું જિણ તિહૂયણુ નાહુ, તું સિવ મગ્ગ પયાસકરો. ૨

ઇણિ કારણિ જગનાહ, કરઉં વીનતી જગિ પવર,
તુમ્હ આગલિ આબાહ, વિણીયનયરિ અવયંસ વર. ૩

નરઇ તણાં મઇં દુકખ પામ્યાં, પાપ સાઇ ઘણાં,
તાહં કુ જાણઇ સંખ્ય જાણઇં, એ હુઇં નાણુધરો. ૪

તિરીય તણી મઇં જોણિ, લાધા લામી અતિ ઘણીય,
ભૂષ ત્રિસતઇં તાપ છેયણુ, ભેયણ સવિ મુણીય. ૫

અહમં જંમુ માણુયાણ, વલિ વલિ પામીઓ વિવિહ પરે.
કરી પાપુ અઇચંદુ, પુણ પુહતઉ વિવહ પુરે. ૬

સહીયાં દુષ અણંત, પુણરવિ આવીઉ માણુઅ ઘરે,
કુણ ઇક ધર્મ પ્રભાવિ, દેવરિદ્ધિ ભોગવીય મરે. ૭

ચઉરાસી જીવ જોનિ લકખ માહિ ઇમ હિંડિયઉ,
ભમીઉ ભમીઉ સંસારિ મુકુલ જમ્મુ મઇં પામીયઉ. ૮

ગંગોચલ નાએણ હિવ, તું સામિઉ રિસહ જિણું,
દીઠઉ ઇણ ભવિ દેવવારિ, વારિ ચઉ ગય ગમણ. ૯

કંચણવન્ન સરીર, રિસહેસર તુહ પયકમલ,
વંદિસુ પૂજિસુ ભાવિ, ધમ્મ ધુરંધર ધુરિ ધવલ. ૧૦

ધણુસય પંચ પમાણુ, વસહ લંછણ મહણ,
ચુરાસી પુવ્વ લકખ આઉષઉં સિરિ રિસહ જિણ. ૧૧

ઉસભસેણ પામુરક, સહસ ચઉરાસી મુણિ કલાય,
અજ્જા તિન્નિય લકખ, નયણ દહણ બંભી સહિય. ૧૨

સાવ સેયંસ આદિ લકખ, તિન્નિ પણ સહસ હૂય,
લકખ પંચ ચઉપન્ન સહસા, સાવીય સુભટ્ટ જુય. ૧૩

કુગુરિ કુદેવિહિં દેવ, ભવસાયરુ હું ફેરીઉ,
તિહૂયણ તારણહાર, તરિ સમાણુ તું પામીયઉ. ૧૪

છગમંડ જગનાહ, વલિ વલિ ભાગઉ ભવભમણ,
જંમણ મરણ નિવારિ, કરુણાસાયર સિવકરણ. ૧૫

મુણિ રયણાકર ચંદ, મોહ મહણ મહ વીનતી ય,
સામીય સફ્લુ કરે જિ, નરવર સુરવર હરિ મહીય. ૧૬

॥ શ્રી આદિનાથ વીનતી સમાપ્તઃ ॥

## ૧૪

# શત્રુંજય સંઘપતિસંખ્યા ધવલ

માઈએ સેત્રુંજ મંડણુ સામિ, આદિ જિણેસરો પ્રમણીય એ,
કુવડિ લજાષહ તણઇ સાન્નિધિ, સંઘપતિ સંખ્યા બોલિસિઉં એ. ૧

પહિલઉ ચક્કવત્તે ભરહ નરિંદુ, પ્રથમ સંઘાહિ વો જગિ હૂઉ એ,
સેત્રુંજ સહિ રિહિં કંચણુવન્નુ, આદિ હિં ભૂઆણુ કરાવીઉં એ. ૨

તીણહ ભુયણિહિં ભરહ નરિંદુ, મણિમસુ બિંબુ ભરાવીઉં એ,
કોડિ નવાણવઇ અગુણ નવઇ લાષ, સહસ ચઉરાસીય આગલા એ. ૩

એતલા છત્રધર સંઘવી રાય, વીરએ ભરહેસર તણઇ એ,
પંચાસ એ કોડિ લષ સાગર અંતરઇ, બીજઓ સગરિ ઊધારુ કીઉ. ૪

તાંમ્ર મય ભૂયણુ રયણ મઇ બિંબુ, સગરિ ચક્કાહિવો કારવીઉં એ,
કોડિ પંચાસનઇ પંચાણવઇ લાષ, સહસ પંચહુત્તરે મંડલીક. ૫

એસ વેરાયં સંઘાહિવ હૂય, વાર એ સગર નરિંદ નઇ એ,
પાંડવે કીધઉ ત્રીજુ ઊધારુ, પુંકરીકાચલે આદિ જિણ. ૬

કાઠમઇ ભૂયણુ ય લેપમઇ બિંબ, પાંચહે પાંડવે થાપીઉં એ,
પંચવીસ કોડિનઇ પંચાણાવઇ લાષ, સહસ પંચહુત્તરે સંઘવીય. ૭

પાંડવ વિક્કમાઇ તનઇ આંતરઇ, સહસ ચઉરાસીય નરવરિંદ,
શતાનીક શ્રેણિકનઇ દહિવાહણ, પમુહ સંઘાહિવ ગાઈય. ૮

એક અઠોતરઇ જાવડ સેઠિ, ચઉથઓ બિંબ ઊધારુ કીઉં,
પાચમઉ ભૂયણહ તણુઉ ઊધારુ, શ્રીમાલી બાહડ તણુઉ એ. ૯

ઈણુ દૂસમિ સમઇં વંસિઊ વેસિ, છટ્ઠઉ સમરિ ઊદ્ધારુ કીઓ,
તેર એકોત્તરઇ સમર નરિંદિ, આદિ જિણેસરો થાપીઉ એ. ૧૦

જાવડ સેઠિ નઇ સમર નરિંદિ, અંતરઈ સંખ્યા હિવ કહઉં એ,
સહસ ચઉરાસી ય ત્રિન્ન એ લાષ, શ્રાવક સંઘવી ય તણાય સંષ. ૧૧

સતર સહસ સીણા રહાં, જૈન ષિત્રીય સંઘવીય સહસ સોલે,
જૈન બાંમણ હૂયા પનરસહસ, બાર સહસ કુણબી હૂયા એ. ૧૨

સહસ નવ લેઊઆ કુણબીય તેઇ, સેત્રુંજે સંઘપતે પદુ લિઈ એ,
પાંચઇ સહસનઇ અધિક પણુયાણુ, કંસારા સંઘવી હૂઆ એ. ૧૩

અંત્યન સંઘવી સાત એ સહસ, સેત્રુજ તલ હરી આવીઆ એ,
વિમલગિરિ સિહરિહિં સંઘવી ય એય, ધરમ વહીમઇં સાંભલ્યા એ. ૧૪

મણુ આણંદિહિં સંઘવી ય સંખ, સંકલી સેત્રુંજ ગિરિ તણીએ,
ગયણિ તારાગણુ સાયરે નીરુ, ગંગાવેલૂ ય મેહધાર. ૧૫

ઈહં નીલાભહ જઇ કિમઇ સંખ, સંઘવી સંખ તઉ જાણીઇ એ,
અસખ આગઇ હૂયા હુઈ ઇણુ કાલિ, તીરથિ વલી હોઇસિઇં એ. ૧૬

સુખર નરવર અસુર મુણિંદ, સંઘપતે જસુ પય પણુસઇ એ,
બે કર જોડીઉ પણુમઇં પાય, વીનવઇં શ્રીઉદયાણંદસૂરે. ૧૭

હઉં નવિ માગઉં રાજુ નઇ રિદ્ધિ, ભોગ સંયોગ નઇ સિદ્ધિ બુદ્ધિ,
ભવિ ભવિ દેઈજ્યો તુમ્હ પયે સેવ, અનઇ એ સેત્રુંજે વાસુ મુઝે. ૧૮

॥ ઇતિ સેત્રુંજઇ સંઘપતિસંખ્યા ધવલઃ ॥

# ૧૫

જિનપદ્મસૂરિ-વિરચિત

## થૂલિભદ્દ ફાગુ

પણમિય પાસજિણિંદપય, અનુ સરસઇ સમરેવી,
થૂલિભદ્દમુણિવય ભણિસુ, ફાગુબંધિ ગુણ કેવી. ૧

સોહગસુંદરરૂવવંતુ, ગુણમણિભંડારો,
કંચણ જિમ ઝલકંત કંતિ સંજમસિરિહારો.
થૂલિભદ્દમુણિરાઉ જામ મહીઅલિ બોહંતઉ,
નયરરાય પાડલિયપુરિ પહુતઉ વિહરંતઉ. ૨

વરસાલઇ ચઉમાસિ માહિ સાહૂ ગહગહિયા,
લિયઇં અભિગ્ગહ ગુરુહ પાસિ નિયગુણમહમહિયા.
અજ્જવિજયસંભૂઇસૂરિ ગુરુવર મોકલાવિઉ,
તસ્સ આએસિ મુણીસ કોસવેસાઘરિ આવિયઉ. ૩

મંદિર તોરણિ આવિયઉ મુણિવર પેક્ખેવી,
ચિત્તિ ચમક્કિય દાસડી એ, વેગિ લીય વધાવી.
કોસા અતિહિં ઉતાવલીય હારિહિં લહકંતી,
આવિય મુણિવરરાય પાસિ કરઇલ જોડંતી. ૪

ભાસ – ધમ્મલાભુ મુણિવય ભણિ સુ ચિત્તસાલી માગેથી(વી),
રહિયઉ સિંહકિસોર જિમ ધીરિમ હિયઇ ધરેવી. ૫

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેહા વરસંતે,
ખલહલ ખલહલ ખલહલ એ વાહલા વહંતે,
ઝબઝબ ઝબઝબ ઝબઝબ એ વીજુલિય ઝબક્કઇ,
થરહર થરહર થરહર એ વિરહણિમનુ કંપઇ. ૬

મહુરગંભીર સરેણુ મેહ જિમ જિમ ગાજંતે,
પંચબાણુ નિય કુસુમબાણુ તિમ તિમ સાજંતે.
જિમ જિમ કેતકી મહમહંત પરિમલ વિહસાવઇ,
તિમ તિમ કામિય ચરણુ લાગિ નિયરમણિ મનાવઇ. ૭

સીયલકોમલસુરહિ વાય જિમ જિમ વાજંતે,
માણમડફ્ફર માણણિય તિમ તિમ નાચંતે.
જિમ જિમ જલસર ભરિય મેહ ગયણંગણિ મિલિયા,
તિમ તિમ પંથીય તણા નયણુ નીરિહિં ઝલઝલિયા. ૮

ભાસ – મેહારવ ભરિ ઊલટિય જિમ જિમ નાચઈં મોર,
તિમ તિમ માણિણિ ખલભલઈં સાહીતા જિમ ચોર. ૯

અહ સિંગાર કરેવિ વેસ મોટઇ મનિ ઊલટિ,
રઈય અંગિ બહુ રંગિ ચંગિ ચંદણસિરિઊગટિ,
ચંપક કેતકિ જાઈ કુસુમ સિરિ ખુંપ ભરેઇ,
અતિ આછઉ સુકુમાલ ચીરુ વિહરિણી પહિરેઇ. ૧૦

લહલહ લહલહ લહલહ એ ઉરિ મોતીહારો,
રણરણ રણરણ રણરણ એ પાએ નેઉર સારો,
ઝગમગ ઝગમગ ઝગમગ એ કાનિહિં કલકુંડલ,
ઝલહલ ઝલહલ ઝલહલ એ આભરણમંડલ. ૧૧
મયણખગ્ગુ જિમ લહલહએ જસુ વેણીદંડો,
સરલઉ તરલઉ સામલઓ રોમાવલિદંડો.
તુંગ પયોહર ઉલ્હસઇં સિંગારથબક્કા,
કુસુમબાણિ નિય અમિયકુંભ થાપણિ કરિ મુક્કા. ૧૨

ભાસ – કજ્જલિ અંજવિ નયણ જુઅલ સિરિ સઈંથૂઉ ફાડઈ,
ઓરિઆવડિ કંચુલિય પુણ ઉરમંડલિ તાડઈ. ૧૩

કન્નજુઅલ જસ લલવલએ મયણહ હિંડોલા,
ચંચલ ચપલ તરંગ ચંગ જસ નયણકચોલા,
સોહઈં જાસુ કપોલ કન્ન કિરિ ગાલમસૂરા,
કોમલ વિમલ સુકંઠ જાસુ વહસં સનૂરા. ૧૪

લવણિમ રસભર કૂવડીય, જસુ નાહિ રેહઈ,
મયણરાય કિરિ વિજયખંભુ જસુ ઉરૂ સોહઈ,
જસુ નહપલ્લવ કામદેવઅંકુસ જિમ રાજઈ,
રિમિઝિમિ રિમિઝિમિ પાયકમલિ ઘાઘરિય સુવાજઈ. ૧૫

નવજોવણ વિલસંત દેહ, નવનેહગહલ્લી,
પરિમલ લહરિહિં મહમહંતુ, રઈકેલિપહિલ્લી.
અધરબિંબ પરવાલખંડ, વરચંપાવન્ની,
નયણસલૂણીય હાવભાવ બહુરસસંપુન્ની. ૧૬

ભાસ – ઈય સિંગાર કરેવિ વેસ જઉ આવી મુણિ પાસે,
જોએવા કુતિગિ મિલિય સુરકિન્નર આકાસે. ૧૭

નયણ કડકિખહિં આહણએ વાંકું જોયંતી,
હાવભાવ સિંઘાર ભંગિ નવ ન[વ] કરંતી,
તહવિ ન ભીજઈ મુણિ પવરો તઉ વેસ બોલાવઈ,
તવનતુલ્લ તુહ વિરહ નાહ મહ તનુ સંતાપઈ. ૧૮

બારહ વરસાહ તણઉ નેહુ કિણિ કારણિ છાંડઉ,
એવડ નિઠુરપણઉં કાઈં મૂંસિઉં તુમ્હિ માંડઉં,
થૂલિભદ્દ પભણેઈ વેસ, અઈ ખેદ ન કીજઈ,
લોહિણ જડિઉં હિઉં મુઝ તુહ વયણિ ન ભીજઈ. ૧૯

મહુ વિલવંતિય ઉવરિ નાહ, અણુરાગ ધરીજઈ,
એરિસ પાવસકાલ સયલ મૂંસિઉં માણીજઈં,

મુણિવઇ પભણઇ વેસ સિદ્ધિરમણી પરણેવા,
માણુ લીણુ સંજમસિરિહિં સિઉં ભોગ રમેવા. ૨૦

ભાસ – ભણઇ કોસ સાચઉં કિઉં, નવલઇ રાચઇ લોયઉ,
મૂં મિલ્હિવિ સંજમસિરિહિં, જઉ ગ.... (મુ)ણિરાઉ. ૨૧

ઉપસમરસભરિ પૂરિયઉ રિયઉ રિસિરાઉ ભણેઇ,
ચિંતામણિ પરહરવિ કવણુ પત્થરુ ગિન્હેઇ,
તિમ સંજમસિરિ પરિવએવિ સિરિ ઇંદુ સમુજ્જલ,
આ........ જુહ કોસ કવણુ પસરંત મહામલ. ૨૨
પહિલું હવિડાં કોસ કહઈ જુવણફલ લીજઇ,
તયણતરુ સંજમસિરિહિં સુહિણ રમીજઇ.
મુણિ બોલઇ જં મઈ લિઅઉ વલિયઉ જુ હોઇ,
કવણુ સુ અચ્છઇ ભુવણયલે જો મુઝ માણુ મોહઇ. ૨૩

ભાસ – ઇણિ પરિ કોસા અવગણિય, થૂલિભદ્દમુણિરાએ,
તસુ ધીરિમ અવધારિ કરિ, ચમકિત ચિત્તિ સ થાએ. ૨૪

અઇ વિલવંતુ સુ મોહરાઉ, જિણિ નાણિ નિધાડિઉ,
ઝાણખડગ્ગિહિં મયણ સુહડ, સમરંગણિ પાડિયઉ.
કુસુમવુટ્ઠિ સુર કરઇં, તુટ્ઠ તહ જયજયકારો,
ધનુ ધનુ એહુ થૂલિભદ્દ, જિણિ જિતઉ મારો. ૨૫
પડિબોહવિ તહ કોસ વેસ ચઉમાસિ અણંતર,
પાલિ અભિગ્ગહ લલિય, વલિય ગુરુ પાસિ મુણીસરુ,
દુક્કર દુક્કરુ કારુ, ગુત્તિ સૂરિહિં સ પસંસિયઉ
સંખ સમુજ્જવલ જસુ લસંતુ, સુરનરિહિં નમુંસિયઉ. ૨૬
નંદઉ સો સિરિ થૂલિભદ્દુ, જો જુગહ પહાણું,
મિલિઉ જિણિ જગિ મલ્લ સલ્લ રઇવલ્લહ માણું,
ખરતરગચ્છિ જિણપદમસૂરિ કિઉ ફાગુ રમેવઉ,
ખેલા ખેલય ચિત્તમાસિ, રંગિહિ ગાએવુ. ૨૭

॥ શ્રી થૂલિભદ્દ ફાગુ સમાપ્તઃ ॥

## ૧૬

## મહાવીર છાહુલી

વયણિહિં ચંદુલઉ હારિ મનાવ્યઉ, જીતઉ નયણિહિં હિરણુ લડએ,
વીરભવણિ રસિ રાસુ રમીજઇ એ,
લીજઇ એ જીવિય સફલ તણઉ એ.–ધ્રુ.પદં. ૧

સંભલિ બાલીય પહિરિ પટઉલીય, ફાલીય ઓરિ–સીરુવડી એ.
સિદ્ધત્થરાય કુલચંદ્ર, વીરુ સાચઉરિ સો ગાઇયિ એ,
હેલઇં રાઉ હમીક હરાવીઉ, આણ મનાવીઉ આપણીએ,
બાલપણઇ જિણુ મેરુ કંપાવીઉ, પામીઉ નાઉ મહાવીરુ એ,
ચોર-ચષારડા અનઇ ભૂઆલડા, દુકુ સીમાલડા સવિ ગાંજીયા એ,
વીર જિણેસરુ દુહ ગય કેસરિ પૂજિસુ મુનિ ધનુ ભણઇ. ૨

॥ શ્રી મહાવીર છાહુલી ॥

# ૧૭

## જીરાઉલિ છાહુલી

દેસિવિદેસિ જો જાણીયએ, પ્રગટુ જીરાઉલિ ગામિ,
ઊમાહઉ લઈ અંગુલઇ, અલજઇં એ જાઇં.
મેલાવડઇ મેવુ લઇં માલ્હતીએ, મલપતિ ગજગતિ ગાઇં,
પ્રભાવતિ વરગુણ વીનતી એ. આંકણી

જિણવર વચણ ઊઆરણાં એ, ભામણડઇ ભમહીડી જાઉં. ૨

જાત્રિગ ધજમિ સિ ધારવએ, ધીરુ કી ઊભડી બાહં, ઊમા. ૩

ચોરઠ ચર ચાપરએ, દૂસહુ પાધર રાઉ, ઊમાહઉ. ૪

કોડઉ કોસુ જુ કોપીઇ, તાસુ કોપીયઇ કૃતંતુ, ઊમા. ૫

જીરાઉલિ જિન જાગતઉએ, જયવંતુ જગિ ભડિવાઉ, ઊમા. ૬

ભોગ પુરંદર નિરષતાં એ, દૂષતાં દૂરિ પુલાઇં, ઊમા. ૭

જિણવર જલહરઊ ન મણિ, સુકૃતસરસુ ભર ભરાઇં. ૮

**ધનપ્રભ** ભૂઅણિ જે વાવરઈ, તે નવ નિધિ વારિ,
કલિજુગિ ઊગીઉ કલ્પતરો, વંછિય પૂરણ હારુ. ૯

॥ જીરાઉલિ છાહુલી ॥

# ૧૮

## ફલવધી છાહુલી

ચાલિ ન એ પ્રિય તહિં દેસિ, ફલવધિ નયરુ જીં છે અછએ,
પાસહ એ પૂજણ રેસિ, ઊમાહઉ મૂંમનિ અચ્છએ. ૧
ચિહું દિસિં એ ચઉવિહ સંઘુ, આવિઉ તહિં ઊછવું કરએ.
નાચઇં નારિ નવરંગ ગુણ ગાઇં, ગુરુ યા તણા એ. ૨
રંગિહિં એ રાસુ રમેસુ પાસ જિણેસર વર ભવણિ,
જીવીઊણ એ સફલુ કરેસુ, ભલિ ભાંજિસુ ભવ તણી એ. ૩
નિરંજણુ અ નાહુ નિભ્રંતુ નરય નિવારણ નીલવર્ણું અસંભમુ એ,
અલષુ અરિહંતુ આપણી, રલી અમ્હિ ગાઇવઉ એ. ૪
દુરિહિં એ દુરિય પુલાઇં, દરિસણિ દીઠુ લઇં દેવ તણઇં એ,
ષંપણ એષ સરષય જાઇં, ષાસ ષય રોગ સોસં હર એ. ૫
સામીઉ એ સાહસ ધીરુ મેચ્છ માહે માંડી રહ્યઉ એ,
પુહવિહિ એ પાધરિ વીરુ, એહુ અસંભવુ અતુલવલો. ૬
પેષિસુ એ પાસ તસુ પાય, સુર નર ગણધર્વ નમઇં એ,
નિમ્મલૂ એ હોઇ જસુ કાય પાવ પંકો કલિ મલો હર એ. ૭

।। ફલવધી છાહુલી સમાપ્તઃ ।।

## ૧૯

# ભામાશાહ બાવની

ૐકાર શબ્દ આદિ ધુરિ એહ ઉપન્નુ,
પછઇ બ્રહ્મ નઇં વિષ્ણુ શિવસ્યું શકતિ સંપન્નુ.
પછઇ અક્ષર પ્રીછિવા બ્રહ્મ બાવન્ન કરી બાધા,
પછઇ વેદ વ્યાકરણ લખિત યોતિષ સહ લાધા.
આરંભી સિષ્ટિ પાછઇ અવર મુનિ વાજસ મનુ ષિતમતિ,
ૐકાર શબ્દ જિણિ ઉચ્ચર્યું તિકો ભાંમ સુપ્રસન તતિ. ૧

નિર્મલ ગછના ગુર જ્ઞાન દેપાલ જસ્યા ગુર,
દયાધર્મ દાખીઇ દેવ ચુવીસ તિથંકર,
પિરીયાવર પૃથિવી રાજ સાડ ભારમલ્લી સુણીજઇ.
જસવંત બંધવ જોડ કરણ કલ્યાણ કહીજઇ.
તારાચંદ લખમણ રામ તિમ પ્રિતિ થંભણ જોડી થયુ.
કુલ તિલક વંશ વેડીયા ભામુઊ જસવાલણ ભયુ. ૨

મૂલ પેડ ભારમલ્લ સાખ કાવેડા સોહઇ,
પત્ત પૂત પરિવાર મોજ મંજર દત મોહઇ,
લખિમી નિત લખિ ગણી ફાલતાં સોઇજ ફૂલફલ,
વિસ્તરીઉ જસ વાસ કીર કવિ કરઇ કતૂહલ.
વિસ્તરે ઘાણુ ચિહુ દિસિ વિચિં જુગ આલંબણ ઈહ જાણુ.
કવિ કાલઈયઇ પીથલ કુલિઇં ભાંમુ કલપત્તર ભૂયણિં. ૩

સિદ્ધ ગોરખ સારિખા યતી લખમણ ભડ જેહા,
સીત સરીખી સતી સામિ ચિતિ એક સનેહા,
હણુમંત જસ ડાઇપઇ સદા સામિ ધર્મ સાચા,
પત્થ જસ્યા પુરસત્ત કલહિ કરમ ભરઇ ન કાચા,
જસવંત યુધિષ્ટર વાચ જિમ જિમ દાનિ કરણ હરિચંદ સત્ત,
એહવા મનુષ્યઈ ઉપ્પરિં ભાંમ કરઇ તિણિ પાય ભગતિ. ૪

ધિન જે નર ધર્મવંત ધર્મ અહનિસિ મનિ ધારઇ,
ધિન જે નર ધર્મવંત ધન્નિ સુકુટંબ સધારઇ,
ધિન જે નર જિણિ ધ્યાનિ ધ્યાન ભગવંતહ ધ્યાવઇ,
વલી ધિન્ન તે વિદુષા વિચિત્ત વિલસઇ ખાવઇ,
નન ધરમ ધ્યાન ન ન દાન ધન કહું ન ન ઉદ્યાપણ કરઇ,
તે કિસ્યા મનુષ્ય ભાંમુ કહઇ એ ભૂભારણ અવતરઇ. ૫

આયાં આદર કરઉ ઘુ મન સિદ્ધિ દિલાસા,
સાંહમા સાંયાં મિલુ સગાં સજ્જનાં સહાસા,
ભગતિ કરુ ભોજનાં સોઇ આપણ ઘર સારઇ,
વારઇ જેહઇ વાત તેહ નવિ હુઇ જમારઇ,
સંભલુ સીખ સયણાં નરાં રૂડાં મનિ પૂરુ રલી,
કિમનુ હઇ કનક ભાંમુ કહઇ એહ નશિ તરૂઅર આમલી. ૬

આસ્યા સંપતિ અખઇ આસપૂરણ અપરંપર,
અસ્યા તણઇ પસાય ન્યાય જીવઇ નિરધન નર,
આહેડી કરઇ આસ ખરચ ઘરિ બઇઠુ ખાઇ,
મૃગ ચરઇ વન મજ્ઝિ બાન મસિ નયરિ બિકાઇ,
કુણ લખઇ પછઇ કિઉં હી હોઇ સોઇ દિન બુલ્લઇ સખી,
સાહ કહઇ ભાંમ સયણાં સરસ આસ્યા સંપતિ હઇ અખી. ૭

ઈખ યંત્ર પીલીઇ ઓહરસ હોઇ અનોપમ,
અગર અગનિ ચરંત તાસ અતિવાસ થાઇ તિમ,

ચુંનુ દ્દિઇ આવતાં વધિ રંગ નાગરવેલી,
ઘૃત અમૃત હુઇ ઘણુ મહીય જિમ મજાઇ મહેલી,
ચોલ રસ અનઈં અંબર ચડિઉ ધોઅંતાં વાંની ધરઇ,
ન્યાય કહઇ ભાંમુ ગુણવંત નર દૂહૂવંતાંઇ ગુણ કરઇ. ૮

ઈસ પાંતર્યું ઇમ દાન ધુંમરહઇ દીધું,
અઈ ધૂમર ધાડવી રૂપ ઉમયાચઇ લીધું,
અઇ અમયાચુ રૂપ ક્રિષ્ણ આપિંઈં કરિ આયુ,
અઈ કસનકી કલા હેત કરિ સંભ હસાયુ,
ઉપનુ ગર્ભ ગઉ અંજનિ જાયુ જિણિ હણમંત જિસ્યુ,
પાંતર ઇમ નિષકેણ એક પરિતુ કહઇ ભાંમ અચરિજ કિસ્યુ. ૯

ઊઠુ ઉદ્યમ કરુ સૂયણ ન રહુ સૂતા,
ઇહ માયા મોહમઇં કકેબુંધી આલિમ ખૂતા,
ચોર ફરઇ ચિહું દિશિં સુધન કીજઇ સહરાઇ,
કાયા ગઢ કારિમુ કોટ કાંગરા ન ખાઈ,
જાગસિ જકે ઇમ જાંણિ મનિ તે અવિચલ રવિ ધ્રૂત હી,
ભાંમ કહઇ દાંન તપ ભાવ વિણ નર નિદ્રા સૂજઇ નંહી. ૧૦

ઉમયા આગલિ ઈસ ધ્યાંન નાટારંભ ધરતુ,
બિંદ્રાવણ માહિં વલી કહાંન પણિ એહ જિ કરતુ,
માઘ હૂઉ મૂરિકખ મહિલિ કજિ સીસ મુંડાયુ,
ભાનુમતી રાય ભોજ કરી હયંવર હીંસાયુ,
આજહી અનઈં આગા લગઇ જે વિરલા તે વંચીયા,
તિણઇ કહઇ ભામ આગલિ ત્રીયા નર કુણ કુણ નહ નચ્ચીયા. ૧૧

રીસ ન કીજઇ રિદઇ રીસ મમ જાણે રૂડી,
રીસ કીયાં રથ ચડઇ જેમ ધર છંડઇ જૂડી,
રીસ કીયાથી રોસ સજન દુર્જન હુઇ સોઈ,
રીસિ પડઇ કુલ રેહ કરઇ નવિ સંગતિ કોઈ,

રીસથી નેટિ રૂપકનું હઇઉ હલાસન હુઇ આતમા,
સાહ કહઇ ભાંમ સૂયણાં સરસિ ખાંતિ કરિ આલઉ ખિમા. ૧૨

રીઝીનઈં બલિરાય સૃષ્ટિ વાંમણા સમપ્પી,
ગુરુડ રીઝ રૂપ કાંકર ગનીષા બંધ કપ્પી,
રીઝિઉ જઈ રઘૂરામ લંક બિભીષણ લાધી,
કૃષ્ણ રીંઝાવા કદી સહૂ ઘર અર્જન સાધી,
સુહ્રીદાર સુયણ રીંઝઇ સદા સુદિન દાન આપઇ સહી,
કવિ કિસ્યુ દોસ ભાંમુ કહઇ નેટિ સુંબ રીંઝઇ નહીં. ૧૩

લખિમી દીધ લોભીયાં નિધિ દીધી નવ નંદા,
વિદ્યા દીધ નિરધનં સલિલલે દીધ સમુદ્રાં,
નકુલી રૂપ જ નિલુ કુરૂપ પાયુ કુલવંતી,
પંચાયણ પુરસત્ત દીએ કાયા વૃદ્ધવંતી,
નાગરવેલિ નિરફલ હૂઈ તઇ ફલ પાયું તુંબણી,
કિરતાર સરીસુ કો ન કીય કહઇ ભાંમ સૂયણાં ભણી. ૧૪

લીહ કીય લખિમણાં સીત અંગુલી લગાડી,
તિહાં રાવણ રુદ્ર રૂપ ચુંપ કરિ કાંધઇ ચાઢી,
પલાંસુમુદ્રાં પારિ બંધિ લંકા ગઢિ લેગુ,
રામાઇણ કરી રાંમિ વેગિ ત્રીય લાવિઉ બેગુ,
સંભલુ સીખ એહવી સુયણ ભાંમ કહઇ સુયણાં ભણી,
લોપીઇ લીહ લંછન લગઇ લીહમ લોપુ કુલ તણી. ૧૫

એકો ઘણ ઉન્નમઇ જગત્ર સઘલુ જીવાડઇ,
એકો ઊગઇ અર્ક તિમર તેજિં કરિ તાડઇ,
એકો સીહ અબીહ નામિ જેહ ગજ ઘણ નાસઇ,
એકો ચંદન અછઇ વન્ન સોઇ પરિમલિ બાસઇ,
કાપુરિસ ઘણા બહુલા ન કિઉં વયણ ભાંમ સાચુચરઇ,
સપુત્ત એક કુલિ સંભમઇ એક અનેકાં ઉદ્ધરઇ. ૧૬


વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા

એક બાર દાતાર દાનિ કણ એક ન દીધું,
એક બાર ઝૂઝાર લોહ સંગ્રામ ન લીધું,
એક બાર કવીયાર ચાઉ યશ ભણતાં ચૂકઇ,
એક બાર દુદ્ધાર માંડિ મન પાટૂ મુક્કઇ,
એક બાર તુરી ભલા આત લઇ જઇ કદી ચિકપતો કહીં,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ નર તિહાં નઇં હસવું નહીં. ૧૭

ઓલખ વેલા બાર ગરવ મ કરિસિ ગરડાઈ,
આથિમ જો આપણી પિંડતન તિજ્યાં પરાઈ,
લખ ચુરાસી લાર ધુરા કોઇ વેલાં ધાચુ,
તે દુખસુખ ભોગતાં એક મનુખાં ભવ આચુ,
ભાંમ કહઇ સોઇ રસ ભોગવઇ ગહિલા મમ અહિલુગમસિ,
કીધી ન થુડ ઇણિ ભય કહઇ તુ ભઉ અનેક ભમસિ. ૧૮

ઓલગતાં અદતાર ઇસિ કરિ કિમ્હઇ ન રીંઝઇ,
પાણીમાંહિ પાખાણ ભેદઇ ભીતરિ નહૂ ભીંજઇ,
નઉ કુલિ અધિકા નાગ મંત્ર ગારડૂ ન માનઇ,
પીતલ કસિ પરખીઇ વધઇ નહીં કણહિં વાંનઇ,
સીંચીઇ અહોનિસિ દૂધસિઉં તઓ લીંબ મીઠુ ન હોઇ,
ભાંમ કહઇ એતા અલગા ભલા સુઅણાં એ નગુરા સવઇ. ૧૯

આડિ તરંતી દેખિ બગ્ગ કાંઇ તરઇ અયાંણુ,
સીહ હક્ક સંભલિં સીયાલ કુણ કાજિ સભાણું,
નદી વહિતી નિરખિ બહઇ કાંઇ સજલ સરોવર,
ધનવંતાસિઉં નિરધન બહિસિ કાંઇ કરઇ બરાબર,
જુ દીઉ જીઇ પાયુ તીઇ તેણી બાત ન કોઇ કરુ,
આપણી સકતિ સારૂ ઉદ્યમહ ભાંમ કહઇ કરવુ ભલું. ૨૦

અંધા અંજન દીઇ પન્નગ લેઈ દૂધ જ પાવઇ,
નીચ સંગ સંગની ઠવઇ વલી અન્ન ઉસરિ વાવઇ,

સૂઅણસ્યૂં સાંકલઇ મંત્ર દુર્જનસ્યું મંડઇ,
સભા સયાલ ઘરિ સીહ છયલ હોઈ કુલવટ છંડઇ,
અહંકાર કરઇ વિષ આચરઇ નિરખઇ છાયા ગતિ નવી,
સાહ કહઇં ભાંમ સયણાં સરિસ એતા મૂરખ માનવી. ૨૧

કમલ ચ્યારિ નહૂ કિદ્ધ સિષ્ટિ બ્રહ્મા દિન હોઈ,
રામિ સિષ્ટિ જુ રચી હાથ પણિ ચાર્યું હોઈ,
શિવિ કીધી હુઇ સિષ્ટિ જ્યોનિ કોઈ મનુષ્ય ન જાંમઇ,
શકતિ તણી હુઇ સિષ્ટિ તુ ત્રીયા ચડતી સંગ્રામઇ,
કીધી ન સકતિ સિવિકરી ચતુર્ભુજ કીયા ન ચ્યારિ મુખ,
કરણહાર સિષ્ટિ ભામુ કહઇ કોઇ પાવઇ વિરલુ પુરુષ. ૨૨

ખલ નરસ્યું ખલ ખટ્ટ કરિ સક જે તું કીજે,
તે ગરહી જે તીર તે થકાંઇ દૂરિ તજી જઇ,
પાસઇ ન રહઇ પેમ મઇલ મનમાહિ ન મુંકઇ,
પઢઇ દાઉ પડભુઇં ચિત્તિઓ ધ્યાન ન ચૂકઇ,
જાલંધર ઝંખર જુ મિલી સાલ હલંતી સારીઇ,
સાહ કહઇં ભાંમ સયણાં સરિસ તેણઇ બયરી દૂર બડારીઇ. ૨૩

ગલઇ રાહ લેઈ ગ્રહઇ સૂર સસિહર બિહું સાહી,
સુરપાલી નહુ સકઇ નેટિ ન સકઇ નરવાહી,
કણહી કારણ કુંણિ કાંમ પણિ ઉહી જ કીધું,
પરભવ સહિસિ પૂર દેખિ નહુ પાછુ દીધુ,
મન વાચ ક્રમ બંધન વયણ ભલુ હોઇ મુખિ ભાખીઇ,
સાહ કહઇં ભાંમ સયણાં સરિસ રણ સિરિ કદી ન રાખીઇ. ૨૪

ઘણુ હોઇ ઘરિ ઘણઉ ઘણું ધાનઇ જ ઘણેરુ,
કણહી જ નાવઇ કાંમિ કહુ કારણ કરેલું,
અરથ ન કો આવરઇ અરથ ન આપણ આણઇ,
દયા ધરમ નહુ દેઢઇ જીવ મનિ સંક ન જાણઇ,

નરપંચ માહિ બઇસઇ નહીં આચરણે કહીઇ અસ્યુ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ કિસી આથિ માંનવ કિસ્યુ. ૨૫

નારિ ચરિત તનુ નંદ ઉદર પરિગર્ભ ઉપજજઇ,
પવનપિંડ પય પનગ જ્ઞાન દધિ લહરિ ગણિજજઇ,
ઇંદ્રઘટા ઉંન્હવઇ રુદન કરિ બાલક રીખઇ,
અજજ કોઇ આધાર અગનિ વિસ્તાર વઇખઇ,
એ વાત અગમ આગા લગઇં સાંસહીયા સહુ ઇંદસુર,
કોઇ લખઇ ભેદ ભાંમુ કહઇ ચિહું દસાં બૂઝુ ચતુર. ૨૬

ચંદન વિલગા ચીલ હેમ હૂઉ પરિમલ હીણું,
સસિખંડુ સકલંક દષ્ટિ રવિ રાહ સદીણું,
સેસ તણઇ ફિણ સહસ વિષ સઘલાંઇ વિસીઉ,
સલીલજ ઘણુ સમુદ ચલૂ કો એક ન ચખીઉ,
તેણઇ એક પાપ ચંદ્ર પ્રાકમઇ જે મોટા તે મોહણા,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ નર ભલાતિકે ન રહણા. ૨૭

છલી સીત છેતરી છલિ બલરાવણ છલીઉ,
છલ કરિ દાખવિ છિદ્ર કૃષ્ણુ અહિદાંનવ કલીઉ,
ભીમસુ છલિ કરિ ભલુ કીઉ પાવન્ન કબીરાં,
છલદે જાંણઇ છયલ તાસ ઈછઇ છલતીરાં,
છલ થકી ન કો છેત્રવઇ સકઇ તાંમ કાંમ જાઇ તિહી,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ છલહિં બલ છીપઇ નહીં. ૨૮

જસ કારણિ જગદે કમલ દીધું કંકાલી,
જસ કારણિ બલી રાઉ વચન વાઉણસ્યું વાલી,
સવા ભાર સો વર્ણ કરણિ જસ કારણિ કપ્પી,
હરિચંદ જસરઇ હેતિ સર્વ લે રખ્ખી સમપ્પી,
ભલ ભલાં નરાં સાહ ભાંમ કહઇ ઇમ કરિ જસ લીઉ એતાં,
જસ હેતિ આથિ સુઅણાં જણાં વિલંબ ન કીજઇ વિલસતાં. ૨૯

ઝડી સાવણુ ભદ્દવઇ મેહ મહિમંડલિ ઝાઝા,
તેણઇ નવ ખંડ નેપત્તિ અન્ન ઉપત્તિહિં આઝા,
રાજા પ્રજા રાઉ સુકુખ સહુ કે માંનઇ સાચા,
વિત્ત છઇ રતિ વિદ્રવઇ કરઇ ઘરિ લીલ સકાચા,
સોભાગ ત્યાગ ઝાલઇ સકે હુઇ પુણ્ય પ્રાપતિ પ્રામિત પલા,
વરસરા માસ ભાંમુ વદઇ બિહું ભલે બારઇ ભલાં. ૩૦

નવલ તુરંગમ નવુ અનઈં અસવાર અયાણું,
નવલ ત્રીયા નાનડી કાંમ ભાર હી કિરાંણુ,
નવલ નેહ નિર્મંચુ પુરુષ પરદેસી પઇલુ,
નવલ સીહ ભલ નશા અડિઉ વન મજ્જિ એકેલુ,
હાકલ્યાં થિકીયે જિમ હુઇ લાલી પાલીલી જીઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ એતાં ગાઢ ન કીજઇ. ૩૧

ટીંટુડી કરઇ ટેક સમુદ્દસ્યું વયર સંભારિઉ,
ચાંચ ભરી જલ ચ્યારિ બીચિથિં બાહિર ડારિઉ,
દેખિ ગુરુડકી દયા જીઉ મન પંખી જાંણે,
આયુ બાહિરિ આપ પ્રબલ પૂરવા પખાણે,
ધનવંત સમુદ્દ તાએ ધૂજીઉં સાંહમુ પય નમીઉસહી,
ઇમ કહઇ ભાંમ જે અગ્ગલાં તે નર ગંજયા જાઇ નહીં. ૩૨

ઠગ ઠાકુર ગુરુ ઠોઠ પુહપ હુઇં હીણુ પરિમલ,
મંત્રી મંત્ર વિહીણ છાયા છલહર છલ્લર જલ,
કટ્ટર તેજ તુરંગ અવહ વૃષભ કૃષિ ઉસર,
કૂડ મંત્રફલ કડૂઅ સાઇબલ સુક્ક સરોવર,
અસિદ્ધ વૈદ્ય દ્વિજ અસત નંગ નાણુાંહિ નખરા,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ એતા પરિહરી પરા. ૩૩

ડાક ડહક્કઇં જાંમ તાંમ નીસાંણ ન વજ્જઇ,
તાં મયગલ મય ઝરઇ સીહ ભુજ પ્રાણ ન સજ્જંઇ,

તારા તાં લગઇ તેજ ઉદયાચલિ ભાંણુ ન ઊગ્ગઇ,
કઇરું તાં બલ કરઇ પંથીઆં બાણુ ન પૂગ્ગઇ,
સાહધિપત્તિ ભારહ સુતન કથન ભાંમ એણી પરિ કહઇ,
રણખેત અસ્થ તાં લગઇ રહઇ જાં સૂર નાં એકો સંવહઇ. ૩૪

ઢલકંતિ નેજા ઢાલ મદ ઘૂમંતિ મહામય વાજઇ જવ વગ્ઘવી,
શિગ્ગમઇ ભાજંત લખગય ફણુ સહસાં ફૂંકાર આટવાહઇ વિષઆલિઇ,
કાંહા ન ગુરુડ કાઢંતિ પઇસિ તમ જાઇ પાતાલિં,
ત્રમંડ ખંડ એકવીસ વચિ સારિખા નહ હુંતિ સહઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ એ મોટે મોટા અછઇ મહિ. ૩૫

જો નરમયુ ઉદર ઉપનુ અધો મુખ,
પામસિ જુ કિમ પાર દેહ દાખવસિ નહીં દુખ,
કરસિ ધરમ નિકલંક ઘાટ મનમાંહિ ઘડીઉ,
છૂટઇ ગર્ભ છોડતાં પાસ માયા બંધિ પડીઉ,
ઘરધંધ લોભ લાગઇ ઘણુ થાંભઇ રહીઉ મોહથિતિ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ નર નિરણુ ચિત્તારિ નિત. ૩૬

તંત જાત તુંબિણી શલા ગજ બાવન સાહી,
પૂર નદી પ્રવાહ વેગિ તેણઇ લેઈ વહાઈ,
અહી સમુદ્ર વિચિ ગઈ લખિત ગતિ તરવા લાગી,
ઇમ બોલી મુખિ આપ એહ ગતિ કુંણ અભાગી,
દીજઇ ન દોસ દૂજાં નરાં પૂરવ લિખિ ઉન પલ્લીઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ હલવાં સંગિ ન હલ્લીઇ. ૩૭

થિર કીધી થાપના ધુરા આકાશતણી ધર,
પતંગ માંન બે પકખ સકલ થાપિઉ સુરાસુર,
દિશિ થાપી દિગપાલ આપબલ રહિઉ અચાણુ,
સાત દ્વીપ નઈ સમુદ મેરુ પાખતી મંડાણું,
ચિહું ખાંણિ જીવ ચુરાસી લખ મનુષજનમ ઉત્તમ દીઉ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ કામ એતુ કિરતારિ કીઉ. ૩૮

દીધા જે નર દાંત સોઇકું ચાવણુ દીસઇ,
કીધાં જેણઇ એ કામ કીઉ એક સોઇ ચીંત કરેસિઇ;
લખ ચુરાસી જીવ લેઈ જેણઇ મારગિ લાયા,
કો કિમહિ નર કરઇ રહઇ ધરમ ધ્યાન સુધાયા;
સરજ્યો જિકે સાહિબ સમરથ સબ ઘટ મજ્ઝિ હજૂર સહઇ,
ભાંમ કહઇ મૂરખ આર ઇમ ભેદ પરમેસર સહૂ પૂરસિ. ૩૯
ધવલ સબલ ધુરિ ધવલ વસુહ ખંચિવા ભાર બલ,
જઈ મોટા મયમત્ત તઓ હસતી ન વહઇ હલ,
દાખવિ ઇમ દૃષ્ટાંત પ્રબલ ગજ પ્રવહણિ પઇસઈ,
ગાઇ પેટિ ગાભસ્યું વૃષ ભય હજૂઅ ન બઇસઈ,
સો પુરિસ અનઈ સીંગાલા આવહઇ વરા વરિ ભુજા બલિ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ ધન ધન ધન ધોરી ધવલ. ૪૦
નટ્ટ નાગ વિષ નમઇ હરખ અતિ પામઇ હઈઇં,
નાદ રંભ નાચંત કલા અંગિ ચુસઠિ કહીઇ,
મૃગ નાદિ મોહંતિ નેહ કજિ મરણ ન જાણઇ,
નાદ સાદ નિરમલુ જીઉ બાલકહી જાણઇ,
લીન નાદસો હૂઓ લબધ આપ અરાહિઉ ઈસિવર,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ એહ નાદ અપરંપર. ૪૧
પંચ તત્ત્વસ્યું પિંડ પંચ મિલિ પુહુચુ ભારી,
પંચ વિષ પરવરત્ત સહૂ ભોગવઈ સંસારી,
પંચાન્યાઉ અન્યાય કૂડ પણિ સાચા કીજઈ,
પંચા સરસી પઇ જબ હઇસ નવિ ચાલઈ બિજ્જઈ,
પાંડવૈ પંચિ જીતી મહી કઇરુંદલ ભાગા કહઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ પરમેસર પંચામહઇ. ૪૨
ફલ્યુ અંબ બહૂ ફાલ, ફાલ બબ્બૂલહ ફલીઉ,
પંથી પરસીઝતુ વિમલ છાયા કજિ વલીઉ,
બઇઠુ હેઠિ બબ્બૂલ મૂલ કંટક બહૂ મંકા,
આયુ તબ તલિ આંબ પવિત્ર છાયા ફલ પક્કા,

મનિ હૂઉ હરખ ખાધા મટી ખડી ઉરલીયાય ખરુ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ એ સુગુણા નિગુણા અંતરુ. ૪૩
બોલ તે તુ બોલીઇ નેટિ તે તુ નિરવહીઇ,
ગરથ નુ હઇ ગાંઠડી ગાંઠિ કિમ રતન સુગ્રહીઇં,
ઉલ્લંઘ ન સકઇ આજ થાગ સાગર કિમ ધાધઇં,
સંકઇ મન્નિ સીયાલથી બઢઇ કિમ સરસ્યુ બાધઇ,
સંભલુ સીખ એહવી સયણુ હરખિસ્યું વિચારુ હઇઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ વહિસિઇં ઘણુ ન ખૂલ્લીઇ. ૪૪
ભગવંતિ એવડી ભાંતિ કહુ કીધી કિસ કારણિ,
વન તિણિ કેસરિ વસઇ વસઇ તિનહી તિનહી વનવારણુ,
વારણુ લકખ વિકાય લંક એક દામ ન લબ્ભઇ,
પુરિસાતન અતિ પ્રબલ નિશા અહિ રહઇ સુનિબ્ભઇ,
સાહ કહઇં ભાંમ સિંધૂ સબલ કરઇં જકુ તારબ કહઇ,
લાભવા મૂલ લેખુ નહીં સીહ પરભવ જુ સહઇ. ૪૫
મોટા જે જોર હર મેર વસુધા ઘણુ મુણીઇ,
વસુય ઘણઇ વસતારિ સાત સમુદ્રાં વચિ સુણીઇ,
સમુદ્દ સાત ધુર સહિત ભુજા કોરંભ કઇ ભારી,
કોરંભ કપિલ વરાહ કપિલ સઘલાં જસધારી,
સાહ કહઇ ભાંમ એ ભર સહઇ સેસ સીસ ઝાલી સરવ,
હર હઇઇ સેસ સો હારહૂયતુ ગિરુયા તન કેહુ ગરબ. ૪૬
જલ વિણુ તૃષા ન જયાઇ અન્ન વિણુ તૃપતિ નઈખઇ,
જ્ઞાન ધ્યાંન ગમ અગમ સુગુરુ વિણુ કોઇ ન સીખઇ,
અરથ ગરથ આસંગિ પહૂ બિણુ પાર ન પાવઇ,
મોહ મેહ મેદની અનલ વિણુ મેહ ન આવઇ;
ધામીઇ જેમ ધનકારણિ ત્યું ધરમ કારણિ ધામીઇ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ પ્રભુ વિણુ મુગતિ ન પામીઇ. ૪૭
રાવણુ રહીઉ નહીં સીસ દસ વીસ ભુજાંસ્યું,
ચૌદ ચુકડી લગઇ ત્રિપુર કહ રાજ કરે સ્યું,

લં[કા] જિસ્યા ગઢ લહ્યા સમુદ્ર સારિખા સખાઈ,
કુંભકરણ સા કિતા ભુજારખિ પાલણુ ભાઈ,
અસુર સુરે અણુગંજણુ છેહઇ નકુ આયુ છતઈ,
ભાંમ કહઇ એક શર દો ભુજાં મૂરખ જુગિ જીપાવતઇ. ૪૮
લાલ ચિમકરુ લોભ કીચિં કાંઈ લાભઇ,
અંબુ ધરણિ જો અછઇ અંબુ તોઈ વરસઇ આભઇ,
તેમ પુરુષ ભય તાકિ જાંઉં મન માંહિ જાણઈ,
અહનિસિ જુ આફલઈ તિકો કિમ મિલસિ ઠાંણઇ,
પરનિંદા દ્રહજ પરિહરુ ધરમ હેત મનમાહિં ધરુ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ કોઇ મત લાલચિ કરુ. ૪૯
વરખા રતિ વરસંતિ સહજિ જવાસા સુક્કઈ,
વસંત વાઉ વાજંતિ કયર નવિ કુંપલ મુક્કઇ,
વિસ્સંનર વાઈ વધઇ એમં દીપક અમુઝાઇ,
ચારુ ચુપદ ખડ ચરઈ ઊંટ કંટાલું ખાઇ,
સુર મથેવિ સમુદ્ર પીઉ સુરાં સવિ તા વિષ પીઉ સહી,
કુંણ દોઇ સીખ ભાંમુ કહઇ નર સહિજાં પાલણ નહીં, ૫૦
સિદ્ધ સાધ સાધવી યતી યોગી સન્યાસી.
સોફી સેતાંબરી વિપ્ર ખટકર્મ નિવાસી,
સુમતિ જ્ઞાંન સંગ્રહુ જાત જનાતાં જાઇ,
અડસઠિઈ તીરથ અડઈ નદી નવસઇં જલ નાહઇ,
જલ ઓસ બિંદુ જિમ જોઈઇ ઘડીઇં કિમ ભરીઇ ઘડું,
વસી કરુ પંચ ભાંમુ વદઈ ચું ઘણી બતાઉં ઢૂકડું. ૫૧
ખાઉ ખરચુ ખરી આથિ આપણી ઉપાઈ,
બૂરી રખે વીસસુ ભૂમિ ઊગરઇ ભલાઈ,
ચિત્તારુ હરિચંદ નંદિ વીસલ વીસારી,
કરણ જેમ મન કરુ એમ અખી યાત ઊચારી,
લખિમી કોઇ સાથિ ન લે ગયું લેગા જાસ સબદ લીઉ,
સાહ કહઇ ભાંમ સયણાં સરિસ કલિ રહઇ સિસ ઙુકીઉ. ૫૨

સંવત સોલ સમઇ વરસ છેતાલા વરખે,
આસો સુદિ અપૂવ્વ દસમિ દિનિ મહૂરતિ દાખે,
શુભ વેલા શુભ નક્ષત્ર વિદુરિ વાચકિં વખાંણી,
સબદ જુત્ત સો સંસર સચલ સંસાર સુહાણી,
સોઇ કીદ્ધ ભેટિ સાહ ભામસ્યું મન મઝાણ સજ્જણ મુની,
કવિ મુખાં સુખાં ક્રીડા કરઇ બહૂ વિસ્તરતી બાવની. ૫૩

હાથ થાલ ગુણ હોય માહિં અક્ષર હૂઅ મોતી,
કવિત મુહપ સોઇ કમલ મૂત્ત યશમાલ સંજૂત્તી,
કુંકૂ ચંદન કથન ઊગતિ સરસતિ લે આઈ,
નયણિ સાહ નિરખેવિ વયણ અમી મઇ બધાઈ,
ભારમલ્લ સુતનસ્યું ભેટિ ભલહુંતઇ નવનિધિ લાભ હૂઅ,
આસીસ વિદુર ઇમ ઉચ્ચરઇ તિલક સાહ સરિ ભાંમ તુહ. ૫૪

લખે નવ નખત્રાં લગઇ દુની સસિ દિપ્પઇ દિવાયર,
પવન નીર પરવેસ સીલ નવિ છંડઇ સાયર,
અષ્ટ કુલીરયું અડગ ગંગપ્રવાહ મેરુ ગિરિ,
સપત દીપ પ્રથવી સેસ ઝાલેવિ રહિ ઉસરિ,
ભારમલ્લ સુતનય યશ ભેદ ગર ભણીઇ ભલ દાતાર ભૂય,
આસીસ વિદુર ઇમ ઉચ્ચરઇ તાં ભામા કરિ રાજતુહ. ૫૫

દૂંજાઇ દૂહડું કેણિ પસતાવિ કહીજઇ,
કિહાંઇ કાંમિ કવિત્ત ગીત કિહાંઇ ગાવીજઇ,
છંદુ કણિ એક છંદ જિકો જેહા છલિ જાગઇ,
ત્યાંનઇ ત્યાંહી ભેટિ આપિલે કીજઇ આગઇ,
ભારમલ સુતન ભંજન દલિદ્ર દીઉ નામ દાતા તુજે,
બાવની તણાં મોટાં બિરુદ ભાંમ તુંહિ છાજઇ ભુજે. ૫૬

॥ ઇતિ ભામસાહ બાવની સંપૂર્ણઃ ॥

# ૨૧

## સાત સુખ : સાત દુઃખ

પહિલું સુખ જે ડીલઈં નરા, બીજું સુખ જે રણવિણ વરા,
ત્રીજું સુખ જે વસીઇ ઠામિ, ચુથું સુખ જે ન જઈઇ ગામિ. ૧

પાંચમું સુખ જે નિજ ધન સાથિ, છઠું સુખ જે મહિલા હાથિ,
ઉજ્જલ દંત સકોમલ મુખ, એતલઇ પૂરાં સાતઇ સુખ. ૨

પહિલું દુખ જે અંગણિ ઝાડ, બીજું દુખ પાડોસી ચાડ,
ત્રીજું દુખ જે અંગણિ કૂઉ, ચુથું દુખ જે મોભી મૂઉ. ૩

પાંચમું દુખ વડપણિ નહીં બાલ, છઠઉં દુખ જે જીવિત સાલ,
સાતમું દુખ જે ઘરે અણાથિ, એ સાતઇ દુખ આવઇ સાથિ. ૪

પહિલું સુખ જે પીહર ગામિ, બીજું સુખ ગુણવંતુ સામિ,
ત્રીજું પ્રિયુ પરદેસિ ન જાઇ, ચુથું સુખ લખિમી ઘરમાંહિ. ૫

પાંચમું સુખ જ ડીલિ નરી, છઠું સુખ થોડી દીકરી,
સહી સમાણી વિનોદહ વાત, અંબ કહી અસ્ત્રી સુખ સાત. ૬

પહિલું દુખ પીહર પરદેસિ, બીજું દુખ પ્રિયુ મૂરખ વેસિ,
ત્રીજું દુખ....બીજી નારિ, ચઉથઉં દુખ પીહરિ નહી પરિવાર. ૭

પાંચમું દુખ પીયુ માંનઇ નહીં, છઠઇ વિધવા પુત્રી હુઈ,
અહિણું રાઢિ વસવું પરઠાણિ, એ સાતઇ દુખ નારિતઇ જાણિ. ૮

# ૨૨

## ભીલી ગીત

સરસતિ સામિણિ વીનવું, માગઉં એક પસાઉ,
સતીઅ સિરોમણિ ગાઇસિઉં, અન્ન[ઈ] દિગ્ગમ રાઉ. ૧
વન છઇ અતિહિં રૂઅડઉં, દીસઇ ગુહિર ગંભીરો,
ભીલી ચાલી ખેલણઇ, સાહિ સાહસ ધીરો. ૨
વન૦ આંચલી.

ભીલી પ્રિઅ પતિ ભણઇ, સામી વયણ વધારઉ,
ફૂલ લેવા અમ્હિ જાઇસિઉં એહ વનહ મઝારે. ૩
વન છઇ૦

ભીલો ભણઇ ગોરડિ સુણઉં, તુમ વનહ મ જાઉ,
અપ[હ]રી તુમ કોઇ લેઇસિઇં, અન્નઇ દિગ્ગમ રાઉ. ૪
વન છઇ૦

આપહ અંગ નવિ આપિઇ, નવિ કાસામ (કામીવસ) થાઉ,
અવર પુરુષ મહ બાંધવા, સુણઉ ભીલ જ(હ) રાઉ. ૫
વન૦

સામી તણઉ આયસ લહી, તવ ભીલી રે ચાલી,
વન અછઇ અતિ રૂઅડઉં, ભીલી રમવા રે ચાલી. ૬
વન૦

દિગ્ગમ રાજા રથિ ચડયા, પુહતા વનહ મઝારે,
ફૂલ લેઈ સાસર કરઇ, દીઠી એસી નારિ. ૭
વન૦

દિગ્ગમ રાજા દષ્ટિં થયા, પુહતા ભીલી પાસે,
વત કોઇંકહઇ માઇ તું, ભીલી તું મ નાસે. ૮
વન૦

દિગ્ગમ રાજા દષ્ટિં થયા, તવ ભીલી નાઠી,
ગિરિધર કડણિ ગુફા મઝારિ, સાભ્યંતરિ પઇઠી. ૯
વન૦

હંસ ગય ગતિ ચાલતી, તોરંશ મૃગ નયણા,
પદ્મમિણિ ચામણિ નવિ હુઇ, બોલઈ અમૃત વયણા. ૧૦
વન૦

કઇ દેવકન્યા તુમ્હે અછઉ, કઇ પાતાલ સામિણિ.
એક અસંભમ અમ્હ હૂઉ, પહિરણિ પહિરિયાં પાન. ૧૧
વન૦

કાંઈ રાજન ભોલા થયા, શીલઇં મેરુ સમાન,
આચાર ન લોપઉં આપણા, પહરિણિ પહિરિયાં છઈ પાન. ૧૨
વન૦

પહિરણિ પહિરણિ પડલ, બઇસણિ વનકો ડાલ,
શાલિ દાલિ ભોજન ઘૃત ઘોલ, નવલાં તંબોલ. ૧૩
વન૦

ભોગહ નવિ વખાણિઇ, રાજા હૂઆ અજાણ,
પરપુરુષ મુખ નવિ જોઉં, માનુંની ભીલી આણ. ૧૪
વન૦

જઇ રાજન ભોલા થયા, શાસ્ત્ર વાત ન જાણિઉ,
વિણ શીલ નવિ છૂટિઇ, પછઇ નિરવાણિ. ૧૫
વન૦

ઘર તઉ વસતઉ છાપરી, જોઉ ઉત્તમ વાસઉ,
અમ્હિ સરિખા કાંઇ મેલ્હીઇ નિરાસ. ૧૬
વન૦

અમ્હ ભલી એ છાપરી, કાજ નહી આવાસ,
એક જિ નિશ્ચિઉ મનિ હૂઉ, લેસિઇ નરગા વાસઉ. ૧૭
વન૦

રાય ભણઇ પરધાન સુણઉ, વાત હૂં એક કહૂં,
ભીલડી આપણિઇ મંદિરિ આંણઉ. ૧૮
વન૦

પરધાન ચાલી તિહાં ગયા, પહુતા એણઇ ઠાએ,
રાય ભણઇ એ લેછવી, કિસિઉં કહુંમાએ. ૧૯
વન૦

પરધાન દુઃખ મનિ કાંઇ ધરુ, પહૂંતી રાયહ પાસે,
ભમર તણી પરિ ભોલઉં, પુરુષ મહિ માતું. ૨૦
વન૦

પૃથ્વીપતિ રાજા હૂઉ, તે કહઇં બાપ,
કુંઅરિ કમનછા કાંઇ કરઇં, તુહ લાગસિ પાપ. ૨૧
વન૦

દ્રૂપદ કીચક કારણિ હણ્યા, ભીમ બાંધવ સય,
કુંરવ શ્રેણિ સંઘારિયા, પાપ આણઉ ભય. ૨૨
વન૦

સીતા રાવણ લેઈ ગયુ, પૂઠિ પહૂતા રામ,
સવા લાખ કૂંઅર હણ્યા, તેહનાં ફેડિયાં છઇં નામ. ૨૩
વન૦

મેરુ પર્વત ડૂઅ ચલઇ, પશ્ચિમ ઊગઇ ભાણ,
શીલ ખંડના નવિ કરું, કહિ વારઇં જાઇ પ્રાણ. ૨૪
વન૦

વિષયવિષથી કાંઇ ધારિયાં, રાજા પણ ન બૂઝઇ,
અનેક પરિ બૂઝવિઉ કરિ, મૂઢ કિમઇ ન બૂઝઇ. ૨૫
વન૦

આપ ઈછાં નવિ આપવિઇ, તું હૂં કિમ માંડિઉં,
શીલ ખંડના નવિ કરઉં, દેહ કરિ શત ખંડ. ૨૬
વન૦

તિણિ વચનિ રાય કંપિઉ, તવ ધરણિ નિહાલઇ,
તુજ્ઝ સરખી મહાસતી, નિજ શીલ્લજિ પાલઈ. ૨૭
વન૦

તુરિઅ છંડિય રાય ઊતરઇ, લાગઉ ભીલી પાએ,
વચન કુવચન બોલિયાં, ખમજ્યો મોરી માએ. ૨૮
વન૦

નમસકરી પાછઉ વલઉ, ભીલી આદેસ દેજે,
પંચ શબ્દે વાજતે, આવિઉ નયરહ માહે. ૨૯
વન૦

શ્રીજયાણંદસૂરિ પસાઉલઈં, ઈમ ઝાલઉ બોલઇઉં,
અનેક કહા શ્રવણે સુણી, નહી ભીલી તોલઇ. ૩૦
વન૦

પઢઈં ગુણઇં જે સાંભલઈં, તીહ ઘરિ મંગલ ચાર,
ભીલી આવઇં આપણઇ મંદિરિ, વરતિઉ જય જયકાર. ૩૧
વન૦

ઈતિ ભીલી ગીતં લિખિતં પરોપકારાય.

# ૨૩

## અણખીયા

(૧)

માહ માસ નઇ ઊચી મેડી, પ્રીય પહિરાવઇ આછી લોડી,
વીજણડે સિઉં વાય ઘલાવઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૧

ઉન્હાલઇ પ્રીય ઉરઇ પોઢઇ, તલઇ તલાઈ સીરખ ઉઢઇ,
આગલિ ઉન્હઉ તાપ કરાવઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૨

ધુરિ વરસાલુઇ ઘર અગ્ગાસુ, નિતુ નિતુ પ્રચડઉં માંડઇ હાસું,
ભીનઇ ચૂલ્હઇ ધાન રંધાવઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૩

ગામ પછવાડઇ વસવું સદા, કંત જ ન રહઇ ઘરિઇં કદા,
વાદ વિવાઢા વડિ પહિલું થાઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૪

ભર જૂવ્વણ પીઅડુ નહીં ગામિ, વરસાલિ વસવા નહી ઠાંમ,
રણિઆ રણ માંગતા આવઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૫

સડી ગાઇ મડી વાછડી, પાડોસણિ માગઇ છાસડી,
તેહ માંહિ પ્રીયડુ ઘર આવઇ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૬

તત્ત્વ-અતત્ત્વની વાત ન જાણઇ, દગ્ ગોચરિ અક્ષર નવિ આંણિ,
વાદ વિવાદ ઘણા ઘરિ લ્યાવિ, કહુ સખી કિમ અણખિ ન આવઇ. ૭

વરસાલઇ ઘણુ નદી વિચાલઇ, ગલા સમઉં જે નીર નિહાલઇ,
તોઈ તિરસિઉ બોલઇ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૧

સીયાલઇ ચઉ બારઇ માલઇ, ચિહું પખે જે વાય નિહાલઇ,
તોઈ તાપઇં પીડિઉ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૨

ઉન્હાલઇ ચઉ બારઇ માલઇ, ચિહું પખે તે સગડી બાલઇ,
તોઈ તાઢિઇં પીડિઉ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૩

ઇક નકટી નઇ બૂચા કાન, ઊઠઇ બઇસઇ માગઇ પાન,
રુપ રુપ પોકારઇ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૪

સિડી ગાઇ મડી વાછડી, નિતુ આવઇ લોક લેવા છાસડી,
દોહત વિલોઅત ન જાણઇ કોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૫

માગિઉં ઝૂડડ નઇ માહિ નાગઉ, અણુતેડિઉ થઈ બઇસઇ આછઉ,
વિચિ બઇઠઇ મલ્હાવઇ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૬

ઘરિ અણાથિ હીંડઇ આછઉ, જાતુ પરહુણુઉ વાલઇ પાછઉ,
પરહુણુઉ રાખી રાંધઇ સોઇ, કહિ ન સખી કિમ અણુખ ન હોઇ. ૭

## ૧. નવરંગ

ફાગણ મહિનામાં ખીલી ઊઠેલી વસંતઋતુ, એ પછી સરોવર, સુવાસિત પુષ્પો અને કેસૂડાંનું વર્ણન–પ્રિયતમના વિરહનું આલેખન અને પ્રિયતમ આવતાં મદભર યૌવનથી માણેલી વસંતનું ચિત્રાત્મક વર્ણન. કર્તા અજ્ઞાત.

## ૨. આર્દ્રકુમાર વીવાહલુ

૧૫મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા દેપાલ કવિની રચના. આ કવિની "જંબૂસ્વામી પંચભવવર્ણન ચોપાઈ" (રચનાસંવત ૧૫૨૨, આસો સુદ ૧૫, રવિવાર), "વજ્રસ્વામી ચોપાઈ" (રચના ઈ.સ. ૧૪૬૬), "સમ્યકત્વ બારવ્રત કુલક ચોપાઈ" (રચનાસંવત ૧૫૩૪) અને "ચંદનબાલાચરિત્ર ચોપાઈ" (રચના: ઈ.સ. ૧૫૦૬) જેવી કૃતિઓ તેમજ રાસ, સજઝાય, પ્રબંધ, સ્નાત્રપૂજા, કડખો, ગીત જેવી રચનાઓ મળે છે. એક કરતાં વધુ દેપાલ નામના કવિ હોવાની શક્યતા. આ વીવાહલુ "પ્રાચીન ગૂર્જર કાવ્યસંચય"(સંપાદક : હ. ચૂ. ભાયાણી, અગરચંદજી નાહટા)માં મળે છે, પરંતુ અહીં વીવાહલુમાં જે કડીઓ છે તે કડીઓ તેમાં નથી.

## ૩. વિરહ દેસાઉરી ફાગુ વસંત

વસંતસમયે પતિવિરહનો અનુભવ કરતી નારી. જ્યોતિષીને પ્રિયતમના આગમન વિશે પૂછતી–હોળીના દિવસે પ્રિયતમ આવશે તેવી આગાહી–પ્રિયતમ આવતાં જાગેલો આનંદ–વિપ્રલંભ પછી સંભોગ શૃંગારનું આલેખન–નાયક દેશાવરથી પાછો આવે છે માટે વિરહ દેસાઉરી ફાગુ નામ સાર્થક ગણાય. કાવ્યમાં અણહીલવાડ પાટણનો ઉલ્લેખ–અશુદ્ધ અક્ષરમેળ વૃત્તોનો પ્રયોગ–કર્તા અજ્ઞાત, પણ જૈનેતર હોવાની સંભાવના–આ ફાગુ "પ્રાચીન ફાગુસંગ્રહ" (સંપાદક: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને સોમાભાઈ પારેખ)માં અનુપૂર્તિમાં મળે છે.

## ૪. પંચ સહેલી

છેહલ કવિએ સં. ૧૫૭૫માં ફાગણ મહિનાની પૂનમ–હોળી–ને દિવસે ચંદેરી નગરીમાં રચેલું કાવ્ય–પ્રારંભમાં ચંદેરી નગરીનું વર્ણન અને તેમાં વિરહની પીડા અનુભવતી પાંચ યુવતીઓ–એમણે આંખમાં કાજલ આંજ્યું નથી, હસતી, ગાતી કે બોલતી નથી. મુખમાં તંબોલ કે ગળામાં હાર નથી. મેલાં કપડાં, સૂકા વાળ, ઉદાસ ચહેરો ધરાવતી આ યુવતીઓ ઊંડા નિસાસા નાખે છે. આ પાંચ યુવતીઓ માલણ, તંબોલણ, છીપણ, કલાલણ અને સોનારણ છે. દરેક યુવતી એના વિરહનું વર્ણન પોતાના કામ પ્રમાણે કરે છે. માલણને પ્રિયતમ વિના ચંપાનો હાર અંગારા જેવો લાગે છે. તંબોલણીના તનની વેલનાં પાન સુકાઈ ગયાં છે. જ્યારે છીપણ કહે છે કે એના તનનાં કપડાં પર દુઃખની કતરણી ચાલે છે. વિરહમાં કલાલણનો દેહ ભઠ્ઠીની જેમ તપે છે, તો સોનારણ કહે છે કે કાયારૂપી કોયલામાં મુસ મૂકીને મારી હૈયા રૂપી અંગૂઠીને મદન તપાવે છે. આવા વિરહમાં બાર મહિના વીતી ગયા. આકાશમાંથી મેઘ વરસવા લાગ્યો અને શ્રાવણની ત્રીજ આવી. પાછા આવેલા પ્રિયતમ વિશે પૂછતાં પાંચે સહેલી પોતાનો આનંદ પ્રગટ કરે છે. કાવ્યમાં છીપણ અને સોનારણની વિરહવેદના માટે કવિએ યોજેલું રૂપક મૌલિક છે. સુંદર પ્રકૃતિવર્ણન અને આકર્ષક ભાવપલટો ઉપરાંત કેટલાક શબ્દો પણ નોંધપાત્ર છે, જેમ કે નિબાંણ=નવાણ (કડી–૩), આખિ–સં. આક્ષેતિ=બોલી (કડી–૨૩), ચુંપસ્યું–ચોંપથી–ઉતાવળથી (કડી–૩૨), અંગીઠી=સગડી, મુસ–સોનું ગાળવાની કૂલડી.

શ્રી લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિરના લા. દ. સંગ્રહની હસ્તપ્રત-(ક્રમાંક-૫૦૭૨)નાં બે પત્રમાં આ કાવ્ય મળે છે. એક પત્ર પર ૧૭ લીટી અને એક લીટીમાં ૩૯ અક્ષર છે. ૬૭ કડીના આ કાવ્યનો લેખનસંવત ૧૮મો સૈકો લાગે છે.

## ૫. ધર્મ્માધર્મ્મ વિચાર ચઉપઈ

ચૌદ પૂર્વના સાર જેવા નવકારનું સ્મરણ કરીને કવિએ ધર્મ-અધર્મ વિશે વિચાર આલેખ્યો છે : જીવરક્ષા, સત્યવચન અને પરસ્ત્રીપરિહાર જેવા ગુણો ધરાવનાર સંસારને તરી જાય છે. કૂડ, કપટ અને ધનની લાલસા ધરાવનાર નરકમાં જાય છે.

## ૬. થૂલભદ્ર ચઉપઈ

ગુરુનો આદેશ મળતાં ચાર શિષ્યો જુદે જુદે સ્થળે રહેવા જાય છે. એક સાપના રાફડા પાસે, બીજો સિંહની ગુફા પાસે, ત્રીજો કૂવાના ભારપટ પર અને ચોથો શિષ્ય સ્થૂલિભદ્ર કોશા વેશ્યાને ત્યાં રહે છે. પહેલો જ ચાતુર્માસ કોશાને ત્યાં ગાળીને તેઓ પાછા આવે છે. ગુરુએ ત્રણ શિષ્યોને દુષ્કર કાર્ય કર્યું તેમ કહ્યું. પરંતુ સ્થૂલિભદ્રને બે વાર 'દુષ્કર કાર્ય કર્યું' તેમ કહ્યું. આથી ત્રણ શિષ્યોને માઠું લાગ્યું. ગુરુએ કહ્યું કે સ્થૂલિભદ્ર જ ટકી શકે. પેલા ત્રણેય શિષ્યો કોશા વેશ્યાને ત્યાં ગયા. કોશાના મોહમાં પડ્યા. કોશા એમની પાસે રત્નકંબલ મંગાવે છે. મોહિત મુનિઓ તે લાવે છે ત્યારે કોશા તેને ખાળમાં નાખે છે. કોશાએ મુનિઓને કહ્યું કે તમારો રત્ન જેવો મનુષ્યજન્મ તમે ખાળમાં નાખો છો. કર્તા અજ્ઞાત.

## ૭. બારવ્રત ચઉપઈ

બાર વ્રતનું આલેખન, તેની વિશેષતા અને તે બતાવતાં દૃષ્ટાંતો.

## ૮. સુભદ્રા ચઉપઈ

ગિરનારની યાત્રાથી, સુવર્ણના દાનથી કે એક લાખ નવકાર ગણવાથી જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય સુભદ્રાચરિત સાંભળવાથી થાય છે. સરસ્વતીને નમસ્કાર કરીને ચંપાનગરીમાં રહેતી સુભદ્રા નામની સતીની વાત કરે છે. એને મહેસરીના ઘેર પરણાવી હોય છે. એની સાસુ એને ઠપકો આપે છે કે ૩૩ કરોડ દેવતાઓ છોડીને પાર્શ્વનાથની ભક્તિ કેમ કરે છે? સુભદ્રા કહે છે કે જિનેશ્વર જેવો કોઈ નથી. આ સાંભળી બળતામાં ઘી હોમાય છે. વહોરવા નીકળેલા એક મુનિની આંખમાં કણું પડ્યું હોવાથી ભક્તિભાવભરી સુભદ્રા જીભ વડે આંખમાંથી કણું કાઢે છે. એની સાસુએ આ જોયું અને એને કલંકિની કહી પિયર મોકલવા કહ્યું. સાસુએ કહ્યું કે મહાસતી કહેવાય છે પરંતુ એણે તો એક વિચરતા મુનિને હૃદય સાથે દબાવ્યા. સવાર થઈ ત્યારે સુભદ્રા દેવગુરુને વંદન કરીને પાણી ગાળે છે. ખૂણામાં સંતાયેલાં સાસુ-નણંદે આ જોયું. એમના ઘા પર મીઠું લાગ્યું. સુભદ્રાએ ઉપવાસ કરીને નવકારની આરાધના કરી અને તેને પરિણામે શાસનદેવ

યક્ષ અને અંબિકાદેવી પ્રત્યક્ષ થયાં. સુભદ્રાના સતનું પારખું કરાવવા માટે શાસન-દેવીએ નગરના દરવાજા ભીડી દીધા. લોકોએ રાજાને ફરિયાદ કરી કે કોઈ દેવ-દાનવે આ બંધ કર્યા હોય તો ધૂપદીપ કરીને તે ખોલાવી નાખો. હોમહવન કરાવ્યા, પણ કશું ન થયું. રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ ચંપાપોળના દરવાજા ઉઘાડશે તેને અડધું રાજ્ય આપીશ. સાત વર્ષના બાળકને તેડીને આવેલી સુભદ્રા કાચા તાંતણે ચાળણી બાંધીને કૂવામાંથી પાણી કાઢી દરવાજા પર છાંટે છે અને ચોથો દરવાજો ઊઘડી જાય છે. રાજા કહે છે કે સુભદ્રા જેવી કોઈ સતી નથી. આ જોઈને સુભદ્રાનાં સાસુ-સસરાને પશ્ચાત્તાપ થાય છે અને ક્ષમા માગે છે. કર્તા–અજ્ઞાત.

## ૯. જંબૂસ્વામિ હેલિ

આઠ કન્યાઓને પરણેલા જંબૂસ્વામી–સમુદ્રશ્રી, પદ્મસેના, પદ્મશ્રી, કનકસેના, નભઃસેના, કનકશ્રી, કમળવતી અને જયશ્રી એ આઠ નવયૌવનાઓ જંબૂકુમારને કહે છે કે હાથ આપીને અમને કેમ ત્યજી જાઓ છો ! પહેલાં અમારી સાથે ભોગ ભોગવો, પછી સંયમ લેજો. વળી સંયમમાં તો દેશ–વિદેશ ફરવું પડે, તેમજ માતા-પિતાનો મોહ પણ છોડવો પડે. કન્યાઓ એમને નવરંગી રાસ ખેલવાનું આમંત્રણ આપે છે. આઠે કન્યાઓના જુદા જુદા પ્રશ્નોનો જંબૂકુમારે આપેલો પ્રત્યુત્તર અહીં મળતો નથી. અપૂર્ણ કૃતિ.

## ૧૦. ભલે મોટી

આજથી સો-દોઢસો વર્ષ પહેલાં ગુજરાતી ગામઠી નિશાળોમાં બાળકને શિખામણની વાતો સાથે કક્કો શિખવાતો હતો. કક્કાની સાથોસાથ ધર્મ, નીતિ અને વ્યવહારની વાતો વણી લેવામાં આવતી. અક્ષરબોધની સાથોસાથ નીતિબોધ મળતો. ગુજરાતી સાહિત્યમાં છેક આધુનિક સમય સુધી નીતિબોધયુક્ત કક્કાઓ મળે છે. શ્રેયઃસાધક અધિકારી વર્ગના આદ્યસંયોજક શ્રીમન્ નૃસિંહાચાર્યે પણ આ રીતે કક્કો રચેલો છે અને એક સમયે ગામઠી શાળાઓમાં શ્રીમન્ નૃસિંહા-ચાર્યનો આ કક્કો પ્રચલિત હતો.

ક કક્કા રે  કામ કરંતા વિલંબ ન કીજે એ ચતુરાઈની રીત
ખ ખખ્ખા રે  ખૂણે બેસી ખત ન લખીએ „ „ „
ગ ગગ્ગા રે  ગૌબ્રાહ્મણને ગાળ ન દીજે „

| | | | |
|---|---|---|---|
| ઘ | ઘઘ્ઘા રે | ઘણા જણાંશું વેર ન કીજે | એ ચતુરાઈની રીત |
| ઙ | નન્ના રે | નારાયણનું નામ ન લીજે | ,, |
| ચ | ચચ્ચા રે | ચોરે બેસી ચાડી ન કીજે | ,, |
| છ | છછ્છા રે | છત હોયે તો અછત ન કીજે | ,, |
| જ | જજ્જા રે | જોગીનો વિશ્વાસ ન કીજે | ,, |
| ઝ | ઝઝ્ઝા રે | ઝાડે ચડી ઉધમાત ન કીજે | ,, |
| ઞ | ઞઞ્ઞા રે | નાણું તો પરખાવી લીજે | ,, |
| ટ | ટટ્ટા રે | ટાંકટાંકનું લેખું કીજે | ,, |
| ઠ | ઠઠ્ઠા રે | ઠાલે હાથે દેવ ન જઈએ[1] | ,, |
| ડ | ડડ્ડા રે | ડાકેણનો વિશ્વાસ ન કીજે | ,, |
| ઢ | ઢઢ્ઢા રે | ઢોરચોરનો વિશ્વાસ ન કીજે | ,, |
| ણ | ણણ્ણા રે | રણમાં જઈને ફીત[2] ન કીજે | ,, |
| ત | તત્તા રે | તરકશ[3] બાંધી રણમાં જઈએ | ,, |
| થ | થથ્થા રે | થોડામાંથી ઘણું દીજે[4] | ,, |
| દ | દદ્દા રે | દિવાના આગળ વાત વિચારી કીજે | ,, |
| ધ | ધધ્ધા રે | ધન હોયે તો ધરમ જ કીજે | ,, |
| ન | નન્ના રે | નામુંઠામું તપાસી લીજે | ,, |
| પ | પપ્પા રે | [5]પડોશી સાથે વેર ન કીજે | ,, |
| ફ | ફફ્ફા રે | ફોગટ કોઈને આળ[6] ન દીજે | ,, |
| બ | બબ્બા રે | બેટા જૂઠી વાત ન કીજે | ,, |
| ભ | ભભ્ભા રે | ભણ્યાંગણ્યાંશું વેર ન કીજે | ,, |
| મ | મમ્મા રે | માતપિતાની સેવા કીજે | ,, |
| ય | યય્યા રે | યોવન વાત વિચારી કીજે | ,, |
| ર | રર્રા રે | રાંક માણસ ઉપર રીસ ન કીજે | ,, |

---

૧. न रिक्तपाणिर्गच्छेत् નો અનુવાદ છે.

૨. ફીત એટલે નબળાઈ.

૩. કામ આવે યુદ્ધે ચઢવાનો પણ ઉપદેશ નાનપણથી અપાય છે.

૪. દાનવૃત્તિ રાખવા માટે આનાથી વિશેષ સારો ઉપદેશ શો હોઈ શકે ?

૫. કોઈ ખ્રિસ્તી પાદરી જરૂર શોધી કાઢવાનો કે આ ધાત તો બાઈબલ પરથી જ લેવાઈ છે.

૬. આળ = તોહમત = આરોપ

| | | | |
|---|---|---|---|
| લ | લલ્લા રે | લાભ જડે તો વહેંચી લીજે | એ ચતુરાઈની રીત |
| વ | વવ્વા રે | વેરીનો વિશ્વાસ ન કીજે | ,, |
| શ | શશ્શા રે | સોનું રૂપું તપાસી લીજે | ,, |
| ષ[૭] | ષષ્ષા રે | ખોડે ઘોડે પગ ન દીજે | ,, |
| સ | સસ્સા રે | સોનીનો વિશ્વાસ ન કીજે | ,, |
| હ | હહ્હા રે | હાટપાટનાં લેખાં લીજે | ,, |

આવો જ એક કક્કો સં. ૧૮૨૭ની આસપાસ રચાયેલો અહીં આપ્યો છે. ૨૯ કડીનું 'ભલે મોટી' કાવ્ય ગુટકાના ૨૭મા પત્ર પર એક બાજુએ શરૂ થઈ, બીજી બાજુએ પૂરું થાય છે. આ ગુટકો વાગડ(કચ્છ)માં આવેલા કાનમેરમાં લખાયેલો છે અને તેમાં ઘણે સ્થળે "વાસુપૂજ્ય પ્રાસાદાત્" અને "ગોડીજી સત્ય છે" એમ લખેલું છે. આ કક્કામાંથી એ સમયના લોકજીવનની ઝાંખી થાય છે. ઉપદેશ સાથે બારખડી શીખવવાની પરંપરામાં આ કક્કો મહત્ત્વની કડીરૂપ છે.

## ૧૧. જંબૂસ્વામિ વેલિ

જંબૂસ્વામીનો એમની આઠ પત્ની સાથેનો વાર્તાલાપ અને અંતે પ્રગટતી જંબૂસ્વામીની વૈરાગ્યદશા.

## ૧૨. નેમિનાથ વીનતી

ગિરનાર પર આવેલા નેમિનાથના દર્શનની ભાવના–આરંભમાં કહે છે કે મારું મન સોરઠના માર્ગે લાગ્યું છે. ગિરનારના શૃંગ પર જઈને આનંદથી ક્યારે હું મારા સ્વામીને વંદન કરી શકીશ, કારણ કે આબાલવૃદ્ધ કહે છે કે નેમિનાથ જેવા બીજા કોઈ દેવ નથી, જેમણે વાડામાં પુરાયેલાં પ્રાણીની ચિંતા કરી–રાજેમતી જેવી રાણીનો ત્યાગ કર્યો. અંતમાં નેમિનાથ પ્રત્યે ભક્તિ

## ૧૩. આદિનાથ વીનતી

ઋષભદેવ વિશેનું ભક્તિકાવ્ય – જેમાં મુનિ રયણાકર કહે છે કે કુગુરુ અને કુદેવને કારણે ભવસાગરમાં સતત ભમતો રહ્યો – ભવોભવના ફેરામાંથી અને જન્મ-મરણમાંથી ઉગારનાર આપ કરુણાસાગર છો. તમે જ માતા-પિતા, બાંધવ અને ગુરુ છો. કંચનવર્ણું શરીર, ઋષભનું લંછન અને ચોર્યાશી પૂર્વલાખનું આપ

૭. જૂની ગુજરાતીમાં ષ નો ઉચ્ચાર ખ જેવો કરવામાં આવતો.

આયુષ્ય ધરાવો છો. વળી જેમાં ઉષભસેન મુખ્ય છે તેવા ચોર્યાસી હજાર મુનિઓનો પરિવાર તેમ જ ત્રણ લાખ આર્યાઓ, શ્રેયાંસ જેવા રાજા જેમાં મુખ્ય છે તેવા ત્રણ લાખ ને પાંચ હજાર શ્રાવકો તેમજ પાંચ લાખ ને ચોપન હજાર શ્રાવિકાઓ ધરાવો છો. આ સંખ્યા " કલ્પસૂત્ર " ( સંપાદક : મુનિ પુણ્યવિજયજી, અનુવાદક : બહેચરદાસ દોશી ) ના ૧૯૭મા સૂત્રમાં જોવા મળે છે.

## ૧૪. શત્રુંજય સંઘપતિસંખ્યા ધવલ

તીર્થાધિરાજ શત્રુંજય પર સંઘ કાઢનારા વિવિધ સંઘપતિઓ વિશે. પ્રથમ ચક્રવર્તી ભરતદેવે શત્રુંજય પર સુવર્ણનું ભવન કરાવ્યું અને તેમાં મણિમય બિમ્બ રચાવ્યું. એ પછી તાંબાના મંદિર અને રત્નના બિમ્બ સાથે સગર ચક્રવર્તીએ બીજો ઉદ્ધાર કર્યો. જ્યારે પાંડવોએ કાષ્ઠનું મંદિર અને લેપવાળું બિમ્બ બનાવી ત્રીજો ઉદ્ધાર કર્યો. વિ. સં. ૧૦૦૮માં જાવડ શાહે ચોથો ઉદ્ધાર કર્યો. પાંચમો ઉદ્ધાર શ્રીમાળી બારડે અને છઠ્ઠો ઉદ્ધાર સમરોશાના ઓસવાળે કર્યો. જાવડ શેઠ અને સમરોશાના સમયગાળામાં ચોર્યાસી હજાર શ્રાવક સંઘવી થયા. બ્રાહ્મણ, કણબી, લેઉઆ, કંસારા વગેરે જૈન થઈને સંઘવી થયા. ગગનમાં તારાઓ, સાગરમાં પાણી, ગંગાની રેતી અને મેઘની ધારા જેમ ગણાય નહીં તેટલી સંઘવીઓની સંખ્યા પણ ગણી શકાય તેવી નથી. આ કાળમાં પણ અસંખ્ય શ્રાવક સંઘવી થાય છે.

કાવ્યના અંતમાં મુનિશ્રી ઉદયાણંદસૂરિ બે હાથ જોડીને શત્રુંજયને પગે લાગે છે. તેઓ કહે છે કે હું રાજ કે રિદ્ધિ માગતો નથી. ભોગ કે સંયોગ માગતો નથી. સિદ્ધિ કે બુદ્ધિની ઇચ્છા નથી. હે ઋષભદેવ ! ભવોભવ તમારી ચરણસેવા આપજો અને શત્રુંજયનો વાસ આપજો.

## ૧૫. થૂલિભદ્ર ફાગુ

ખરતરગચ્છના જિનપદ્મસૂરિ રચિત સ્થૂલિભદ્રની કથા વિશેનો ફાગુ-જિનપદ્મસૂરિને સં. ૧૩૯૦માં આચાર્યપદ મળ્યું અને સં. ૧૪૦૦માં કાળધર્મ પામ્યા. આ કૃતિ સં. ૧૩૯૦ થી સં. ૧૪૦૦માં રચાઈ હોવાનું અનુમાન – કાવ્યમાં પ્રવાહિતા સારી તેમજ પ્રાસ અને પુનરાવર્તનથી ગતિ સાધવાનો પ્રયત્ન – સ્થૂલિભદ્ર માટેના પ્રણયના આલેખનમાં શૃંગારનું સચોટ નિરૂપણ તેમ જ કોશાના સૌંદર્યવર્ણન અને વર્ષાઋતુના વર્ણનમાં નોંધપાત્ર કાવ્યત્વ. " પ્રાચીન ફાગુ સંગ્રહ "માં આ કૃતિ છે, પરંતુ ભાષાના તફાવતને કારણે અહીં સંગ્રહીત કરી છે.

## ૧૬. મહાવીર છાહુલી

સાચોર( મારવાડ )માં આવેલા ભગવાન મહાવીર વિશેની ભક્તિપૂર્ણ છાહુલી – બાલિકાઓ વીરના ભવનમાં પટોળું પહેરીને સિદ્ધાર્થના કુલચંદ્ર જેવા સાચોર-મંડન મહાવીરનું ગીત ગાય છે. હમીક નામના રાજાનો કાવ્યમાં ઉલ્લેખ – મુનિ ધનુ-રચિત સામાન્ય કાવ્ય.

## ૧૭. જીરાઉલિ છાહુલી

આબુની નજીક આવેલા દેશવિદેશમાં જાણીતા એવા જીરાઉલિ ગામમાં આવેલા જીરાઉલિ પાર્શ્વનાથની છાહુલી – પાર્શ્વનાથના પત્ની પ્રભાવતીનો ઉલ્લેખ. ધનપ્રભ-રચિત છાહુલી, જેમાં પાર્શ્વનાથની ઉપાસનાથી દૂર થતાં અનિષ્ટોનું વર્ણન.

## ૧૮. ફલવધી છાહુલી

મેડતા સ્ટેશન પાસે આવેલા ફલોધી પાર્શ્વનાથના મંદિરની છાહુલી-ફલોધી નગર તીર્થ તરીકે પ્રસિદ્ધ—ચારે દિશામાંથી આવીને ચતુર્વિધ સંઘ ઓચ્છવ કરે છે અને નવરંગ નારી નાચે છે તેનું વર્ણન-પૃથ્વીમાં વીર અને અસંભવ બળ-વાળા પાર્શ્વનાથના દર્શનથી દૂરિત દૂર થાય છે અને કલ્યાણ પ્રાપ્ત થાય છે.

## ૧૯. ભામાશાહ બાવની

વિ. સં. ૧૬૪૬માં રચાયેલી અને એ પછીના થોડાક સમયમાં લખાયેલી ભારમલ્લના પુત્ર અને દેપાળના શિષ્ય ભામ રચિત બાવની–બાવનને બદલે છાપન છપ્પા–ચાર પત્રમાં લખાયેલી સત્તર લીટી અને પ્રત્યેક લીટીમાં ૫૦ અક્ષર ધરાવતી હસ્તપ્રત.

દરેક છપ્પાની છ પંક્તિમાંથી પાંચ પંક્તિમાં કવિ દૃષ્ટાંતો કે ઉદાહરણ આપે છે. આ દૃષ્ટાંતો કથામાંથી કે આસપાસની સૃષ્ટિમાંથી મેળવેલાં છે, જ્યારે છઠ્ઠી પંક્તિમાં આ બધાંમાંથી મળતો બોધ આલેખે છે. કેવા મનુષ્યોની ભક્તિ કરવી જોઈએ, કેવી વ્યક્તિનું જીવન ધન્ય છે અને કોનું ભારરૂપ છે? ઉદ્યમ, નારીમોહ, આશાવાદ, ક્રોધ, કંજૂસાઈ, ઈશ્વરનું સામર્થ્ય, કુલરીતિ, ઋણત્યાગ, અપાત્ર માનવો, છળ, બળ, યશ, અધમ સંગતિ, ઈશ્વરશ્રદ્ધા, લાલચ વગેરે વિશે દૃષ્ટાંતથી કહે છે.

કવિનો પ્રત્યક્ષ અનુભવ ઠેર ઠેર જોવા મળે છે. તેઓ કહે છે કે ગુણવાન પુરુષો દુભાય તો પણ ગુણ કરે છે. દાતાર, ઘોડો, દૂઝણી ગાય એક વાર ભૂલ કરે તોપણ તેના પર હસવું નહીં. બીજાની નકલ કરવાને બદલે ઉદ્યમ કરવો. લીમડાને દૂધ પાવ તો પણ મીઠો થતો નથી. નવકુલ બહારના નાગ ગારુડીના મંત્રથી વશ થતા નથી. પાણીમાં પાષાણ ભીંજાતો નથી, તેવી જ રીતે અદાતાર કદી રિઝાતો નથી. ( કડી–૧૯ ) ચંદન પર સાપ, સોનું સુગંધ વગરનું, ચંદ્ર કલંકવાળો, શેષનાગને હજાર ફેણ પણ તે વિષવાળી, સમુદ્રમાં પાણી પણ ખારું એટલું કે પી ન શકાય. આમ મોટા તે મોહક હોય છે પણ ઉપયોગી હોતા નથી. કવિ કહે છે કે નવો ઘોડો, નવો અસવાર, નવો સિંહ–એની પાસે જવું નહીં. એ જ રીતે ઠાકુર ઠગ હોય, ગુરુ ઠોઠ હોય, પુષ્પ સુગંધહીન હોય, મંત્રી મંત્ર વગરનો હોય, છાયા છેતરામણી હોય, વળી કૂડમંત્ર, સૂકું સરોવર, કડવું ફળ કે અણઘડ વૈદ્ય પાસે જવું નહીં. સજ્જન અને દુર્જન વચ્ચે ભેદ બતાવતાં ( છપ્પો–૩૩ ) કહે છે કે આંબો ફળે છે અને બાવળ પણ ફળે છે. વટેમાર્ગુ જો આંબા નીચે બેસે તો પાકાં ફળ અને શીળો છાંયડો મેળવે છે. બાવળ પાસેથી કાંટા અને તાપ મળે છે.

બાવન કડી પછી ત્રેપનમી કડીમાં કવિએ પોતાની કૃતિ માટે બાવની શબ્દ પ્રયોજ્યો છે. વિ. સં. ૧૬૪૬ની આસો સુદ દસમ એટલે કે દશેરાના દિવસે આની રચના કરી છે. ચોપનમી કડીમાં આ કૃતિના ગુણગાન છે. પંચાવનમી કડીમાં ભામશાહને આશીર્વાદ છે અને છપ્પનમી–છેલ્લી કડી—માં કહ્યું છે કે ભામ એવો કર્તા છે કે જેને બાવનીના રચયિતાના મોટા બિરુદ છાજે છે.

## ૨૦. સાત સુખ : સાત દુઃખ

પુરુષનાં સાત સુખ અને એ પછી પુરુષનાં સાત દુઃખ બતાવ્યાં છે અને એ જ રીતે સ્ત્રીને માટે સાત સુખમય અને સાત દુઃખમય બાબતો બતાવી છે. એ સમયની પરિસ્થિતિ અને સમાજજીવનની સુખ અને દુઃખ વિશેની વિભાવનાની અહીં ઝાંખી થાય છે. એક પાનાની આ સંપૂર્ણ પ્રત ૧૮ મી સદીના પાછળના ભાગમાં લખાયેલી છે. એક પત્રમાં ૧૦ લીટી અને એક લીટીમાં ૪૨ અક્ષર છે. પ્રતની વચ્ચે કાણું હોવાથી ત્રૂટક પ્રત. આમાંના કેટલાક શબ્દ, નોંધપાત્ર–જેમ કે નરા=તંદુરસ્ત, રણવિણુ=ઋણ વગરના, વરા = શુભ પ્રસંગોના જમણવાર ( કડી–૧ ), હાથિ = કાણુમાં ( કડી–૨ ), મોભી = મુખ્ય વડીલ ( કડી–૩ ). પુરુષના પહેલા દુઃખ તરીકે ઘરના આંગણામાં ઝાડ હોય તે બતાવ્યું છે, જેથી ઝાડ નીચે આખો દિવસ કામ વિનાના માણસો બેસીને ટોળટપ્પાં કરે.

## ૨૧. ભીલી ગીત

શ્રી જયાણુંદસૂરિની કૃપાથી કવિએ આ ગીતની રચના કરી છે. તેઓ સરસ્વતી દેવીને પ્રાર્થના કરી ભીલી ગીત ગાય છે. ભીલી વનમાં હિંમત કરીને ફળ લેવા જાય છે, ત્યારે એને અટકાવતાં ભીલ કહે છે કે વનમાં દિગ્ગમ રાજા અપહરણ કરી જાય તેવો ભય છે. ભીલી કહે છે કે હું મારું અંગ આપીશ નહિ, કામવશ થઈશ નહિ, અન્ય સહુ કોઈ મારે મન ભાઈસમાન છે. પતિની આજ્ઞા મેળવીને ભીલી વનમાં જાય છે. દિગ્ગમ રાજાને જોતાં ભીલી ગિરિવરની કેડ પર આવેલી ગુફામાં પેસી જાય છે. દિગ્ગમ રાજા અને ભીલી વચ્ચે સંવાદ થાય છે. રાજા પૂછે છે કે તમે દેવકન્યા છો કે પાતાળસ્વામિની છો ? વળી આશ્ચર્ય તો એ છે કે તમે પાંદડાં પહેર્યાં છે. ભીલી કહે છે કે પાંદડાં પહેરવાનો અમારો આચાર છે. મોહિત રાજા કહે છે કે આને બદલે મારે ત્યાં આવ, તો ભોજન, ઘૃત, તંબોલ અને વસવાને ઉત્તમ મહેલ મળશે. ભીલી કહે છે કે, ' અમ્હ ભલી એ છાપરી.' રાજા પ્રધાનને ભીલીને મહેલમાં લઈ આવવાનું કહે છે. મેરુ પર્વત કે ધ્રુવ ચળે, પશ્ચિમમાં સૂર્ય ઊગે તો પણ પ્રાણાંતે હું મારા શીલનું રક્ષણ કરીશ એમ ભીલી કહે છે. ભીલીની દૃઢતા જોઈને રાજા ઘોડા પરથી ઊતરી એ મહાસતીને નમસ્કાર કરે છે. ભીલી ઘેર પાછી આવે છે અને જયજયકાર થાય છે.

શ્રી લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજીના સંગ્રહ (ક્રમાંક : ૪૧૯૧, રજી. નં. ૪૯૬૩૫)ની હસ્તપ્રત. ૧૭મા સૈકામાં લખાયેલી આ હસ્તપ્રતના આગળના પાનાની પંદર લીટી અને બીજી પૂંઠીની ૧૦ લીટીમાં ૫૦ અક્ષર–૧૫ કડી સુધી દઢ કાવ્યબંધ, પરંતુ તે પછી શિથિલ–ભીલીની ઉક્તિઓ માર્મિક.

## ૨૩. અણુખીયા

[૧]

પોતાના હૃદયની વ્યથા સખીને કહેતી હોય અને એ વાત કર્યા પછી સખીને પૂછતી હોય કે આવું હોય ત્યારે અણગમો કેમ ન આવે ?—મહા મહિનો હોય, ઊંચી મેડી હોય, પિયુએ ઝીણી ઓઢણી પહેરાવી હોય અને વીંઝણાથી પવન નખાવે તો, સખી ! અણગમો કેમ ન આવે ? ભર ઉનાળો હોય, એમાં પિયુ ઓરડામાં સૂએ, નીચે ગાદલું અને ઉપર રજાઈ ઓઢે, વળી આગળ ઊનો તાપ કરાવે, પછો અણગમો કેમ ન આવે ?

પહેલો વરસાદ અને ચોકવાળું ઘર હોય, પિયુ વારંવાર હાંસી કરતો હોય, ભીના ચૂલે રંધાવતો હોય તો કહે, સખી! કેમ અણુગમો ન આવે? ગામના છેડે ઘર હોય, પતિ ઘરમાં રહેતો ન હોય, વળી વાદ-વઢવાડ થતાં હોય, તો કહે સખી! અણગમો કેમ ન આવે? ભરયૌવન હોય, પિયુ પરદેશ હોય, વરસાદ હોય ને રહેવાનું ઘર ન હોય, એમાં વળી ઉઘરાણીવાળા માગવા આવે, તો કહે સખી! અણગમો કેમ ન આવે? ગાય અને વાછરડી માંદલાં હોય, એમાં પડોશણ છાશ માગવા આવે, વળી એમાં પિયુ ઘેર આવે, તો પછી સખી! કહે, કેમ અણગમો ન આવે? તત્ત્વ-અતત્ત્વની વાત જાણે નહીં, એમાં ઓછું ભણ્યો હોય અને બહારના કજિયા વહોરી લાવે, પછી સખી! અણગમો કેમ ન આવે?

સ્ત્રીના મનોભાવની અથવા તો અભાવાની લાક્ષણિક અભિવ્યક્તિ. લા.દ. સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજીના સંગ્રહ (ક્રમાંક : ૩૯૧૪, રજી. નં. ૪૯૩૫૮)ની આ હસ્તપ્રતનું માત્ર એક જ પાનું મળે છે. એની લિપિ ૧૮મા સૈકાની છે. આ પાનાની આગળપાછળ અન્ય સામગ્રી અને વચ્ચે સાત લીટીમાં અણખીયા લખેલાં છે. એક લીટીમાં ૫૨ અક્ષર છે.

[૨]

મૂશળધાર વરસાદ થયો હોય, નદીની મઝધારમાં છેક ગળા સમા પાણીમાં હોય અને તોય કહે કે હું તરસ્યો છું. તો પછી, કહે સખી! કેમ અણગમો ન થાય? શિયાળો હોય, એમાં મેડી ઉપર ચાર બારણાંવાળું ઘર હોય, ચારે બાજુ પવન વાતો હોય, છતાં તાપ મને પીડે છે એમ કહે, તેનાથી સખી! કેમ અણગમો ન આવે? ઉનાળો હોય, માળ પર ચાર બારણાં હોય, ચારે બાજુ સગડી સળગતી હોય, છતાં કહે કે ટાઢથી પીડાઉં છું, તો કહે સખી! કેમ અણગમો ન આવે?

દેખાવમાં કુરૂપ હોય, વારંવાર પાન માગતો હોય, વળી પાછો પોતાના રૂપનાં વખાણ કરતો હોય, તો કહે સખી! કેમ અણગમો ન આવે? ગાય ને વાછડી માંદાં હોય, રોજ લોકો છાશ લેવા આવતા હોય, દોહવું કે વલોવવું કોઈ જાણતું ન હોય, તો કહે સખી! કેમ અણખ ન થાય?... વણતેડચો આવીને છેક ઘરની અંદર આવે, વચ્ચે બેસીને મલાવીને વાત કરે, તેના પર કહે સખી! અણગમો કેમ ન આવે? ઘરમાં ગરીબી હોય અને સાહ્યબી રાખતો હોય, વળી જતા પરોણાને પાછો વાળીને રસોઈ કરાવતો હોય, એનાથી કહે સખી! કેમ અણગમો ન આવે?

આ હસ્તપ્રતનું એક જ છૂટું ૧૮મું પત્ર મળે છે, જેમાં બીજી પૂંઠીમાં ચાર ઊભા કોઠા પાડીને લખવામાં આવ્યું છે. પહેલા કોઠામાં ૧૮ અક્ષર ધરાવતી ૧૬ લીટીમાં આ અણુખીયા મળે છે.

o o o

આ કૃતિઓમાં લહિયાની ભૂલને કારણે અથવા તો પાઠ વધુ સ્પષ્ટ થાય તે દૃષ્ટિએ કૃતિઓમાં આપેલા પાઠ કરતાં અન્ય પાઠ વધુ વિચારણીય લાગે છે. આ કૃતિઓની અન્ય હસ્તપ્રતો ઉપલબ્ધ થતી નહીં હોવાથી એ પાઠોની ચકાસણી મુશ્કેલ બને છે. અહીં એ પ્રમાણે કૃતિનો પાઠ અને અન્ય પાઠ આપવામાં આવ્યા છે.

| કૃતિ નં. | કડી નં. | કૃતિનો પાઠ | અન્ય પાઠ |
|---|---|---|---|
| ૧ | ૯ | મરું અસલૂણા | મરુંઅ સલૂણા |
| ૨ | ૨૪મી લીટી | સાર ધ | સારધ |
| ૩ | ૧૭ | હિ અડલઇ | હિઅડલઇ |
| ૩ | ૧૯ | ખડ કીય | ખડકીય |
| ૩ | ૨૨ | ઊ નયા | ઊનયા |
| ૩ | ૨૫ | સેજડી અબઈઠ | સેજડીઅ બઈઠ |
| ૩ | ૩૧ | ન ગોદર | નગોદર |
| ૩ | ૩૪ | પ્રેત મ | પ્રીતમ |
| ૩ | ૩૫ | ક્ષણિ એ કરઈણિ | ક્ષણિ એક રઈણિ |
| ૪ | ૮ | હિંડતી | હિંચતી |
| ૫ | ૩ | સુહ | સહુ |
| ૫ | ૩ | ભૂખિસઉ | ભૂઝિઝઉ |
| ૫ | ૧૪ | વયણ અંનઈ | વયણઅં નઈ |
| ૫ | ૧૭ | મણૂ અત્તણ | મણૂઅત્તણ |
| ૬ | ૬ | ભેદ્યઉ | ભેય્યઉ |
| ૭ | ૩ | એસ ઉઠાઉ | એ સઉ ઠાઉ |
| ૮ | ૧૦ | ભગ્જુ | ભગ્ગુ |
| ૮ | ૧૦ | લગ્જુ | લગ્ગુ |
| ૮ | ૨૩ | પ્રહ વિ હસીઈ | પ્રહ વિહસીઇ |

| કૃતિ નં. | કડી નં. | કૃતિનો પાઠ | અન્ય પાઠ |
|---|---|---|---|
| ૮ | ૨૫ | મ હુંતા | મહુંતા |
| ૮ | ૩૬ | નય | નયર |
| ૯ | ૨ | ભોગ વિભોગ | ભોગ વિ ભોગ |
| ૯ | ૨ | જોવણ ડાભરિ | જોવણુડા ભરિ |
| ૧૧ | ૧૭ | અદ્ઘુનારિ | અઠુનારિ |
| ૧૨ | ૨ | વંસિદવુ | વંદિસવુ |
| ૧૩ | ૧ | મંડળ | મંડન |
| ૧૩ | ૮ | મુકુલ | સુકુલ |
| ૧૪ | ૧ | કુવડિ લજ્જાષહ | કુવડિલ જાખઇ |
| ૧૪ | ૨ | સંધાહિ વો | સંધાહિવો |
| ૧૪ | ૬ | એસ વેરાયં | એ સવે રાયં |
| ૧૪ | ૧૬ | ઇહં નીલાભહ | ઇહંની લાભહ |
| ૧૯ | ૨ | સાડ | સાહ |
| ૧૯ | ૮ | આવતાં | ચાવતાં |
| ૧૯ | ૧૫ | લીહમ | લીહ મ |
| ૧૯ | ૨૯ | સો વર્ણુ | સોવર્ણુ |
| ૧૯ | ૩૧ | પાલીલી જીઈ | પાલી લીજીઇ |
| ૧૯ | ૩૫ | બંડ | ખંડ |
| ૨૨ | ૯ | ગ્રિરિધર | ગિરિવર |

## અનેકક્ષેત્રીય સારસ્વત

અહીં રજૂ થતી 'અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ'ના સંપાદક પ્રા. ડૉ. કુમારપાળ દેસાઈને એની 'ડૉક્ટરેટ' પદવી પણ મધ્યકાલના ઉચ્ચ કક્ષાના વિરક્ત કવિ આનંદઘનજી ઉપરનું અધ્યયન લખીને મળે છે. આમ આપણી સામે તેઓ મધ્યકાલીન સાહિત્યના એક સંશોધક વિદ્વાન તરીકે રજૂ થાય છે, પરંતુ આ તો એમનું કોઈ એક ખૂણે પડેલું કાર્ય છે, એટલા વિશાળ વ્યાપમાં એમની વ્યાપક સારસ્વત-સેવા છે, એ જ્યારે આપણે જાણીએ છીએ ત્યારે આનંદથી હૃદય ઊભરાઈ જાય છે. મારા સ્વર્ગીય મિત્ર શ્રી 'જયભિખ્ખુ' એ 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઈમારત' શીર્ષકની સાપ્તાહિક લેખમાળા વર્ષો ઉપર શરૂ કરેલી. એમનો સ્વર્ગવાસ થતાં નવલોહિયા કુમારપાળે એનું લેખન શરૂ કર્યું. આજ બાર વર્ષથી ભાઈ કુમારપાળ અવિરત રીતે તેઓ સર્વતોમુખી લેખમાળા આપ્યે જાય છે. આ લેખમાળા કોઈ સાહિત્યકીય વિવેચનાત્મક નહિ, પરંતુ સર્જનાત્મક છે. એ સાદી વિગતો આપતા હોય તોય કાવ્યગુણથી સભર ગદ્ય આપતા અનુભવાય છે. બીજી બાજુ એ જ પત્રમાં બીજી સાપ્તાહિક લેખમાળા તે 'ઝાકળ બન્યું મોતી'. અહીં એઓ એક તત્ત્વવિચારકનું પોતાનું પાસું આપી રહ્યા છે. 'ગુજરાત ટાઈમ્સ'માં પણ રાજકારણ અને સમાજ-જીવનનાં અનિષ્ટોની નિરૂપણામાં તેઓ નીડર થઈ પ્રદાન આપ્યે જાય છે. સાહિત્યિક પ્રવૃત્તિઓમાં તો એમનાં પ્રદાન અનેક પારિતોષિક પામી ચૂક્યાં છે. નાની વયે પણ 'એકાંતે કોલાહલ' શીર્ષક નીચે એમની સર્જનાત્મક નવલિકાઓનો સંગ્રહ, 'શબ્દસંનિધિ' શીર્ષક નીચે એમના વિવેચનાત્મક લેખોનો સંગ્રહ, સંપાદનક્ષેત્રે ચાર જેટલી કૃતિઓ, ચરિત્ર-સાહિત્યનાં એમનાં પાંચ સંપાદન, પત્રકારત્વ ક્ષેત્રે 'અખબારી લેખન' તેમ પ્રૌઢ સાહિત્ય અને બાલ-સાહિત્યની અનુક્રમે ત્રણ અને તેર કૃતિઓ એમની ભાતીગર કૃતિઓ છે.

અધ્યાપન કાર્યમાં એક બાજુ યુનિવર્સિટીના અનુસ્નાતક વર્ગે અધ્યાપન કાર્ય તો વર્તમાનપત્ર ક્ષેત્રે પણ અધ્યાપન કાર્ય— આ બધું આ યુવકને એવું કોઠે પડી ગયું છે કે આટલા વિશાળ વ્યાપમાં સતત લેખનકાર્ય કર્યે જાય છતાં જ્યારે જુઓ ત્યારે હસતા અને હળવા.

'અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ' આપીને એમણે ગુજરાતી ભાષાની ક્રમિક ભૂમિકાઓના અભ્યાસનો માર્ગ ચાલુ રાખી આપી પૂર્વ અને વર્તમાન સમાનધર્માઓની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરવાનો સુભગ આરંભ કરી આપ્યો છે એ અમારા જેવા ધૂળધોયાઓને પણ આનંદ આપનારો છે. આ દિશામાં હજી તો ઘણું ઘણું કરવાનું બાકી છે. પોતાનાં અનેકક્ષેત્રીય લેખન-કાર્યમાંથી થોડો થોડો સમય આવા સંશોધન કાર્યમાં પણ આપે એવું ઈચ્છું છું. કારણ તદ્દન સ્પષ્ટ છે કે આ દિશામાં ટચલી આંગળીને વેઢે ગણાય તેટલા સંપાદકો માંડ માંડ છે.

અમદાવાદ : ૩૮૦૦૦૬
તા. ૩-૧૨-'૮૨

—કેશવરામ કા. શાસ્ત્રી

આવરણ · નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · અમદાવાદ.